# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૪મું

VOLUME : 21 • ISSUE : 24 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH JULY 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## નાના રતડીયા - કચ્છ ખાતે ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ





## અનંતનાથજી જિનાલય - મુંબઈ ખાતે ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ





## ભાંડુપ - મુંબઈ ખાતે ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ





## નરેડી - કચ્છ ખાતે ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ





## કોઠારા - કચ્છ ખાતે ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ





## આદિપુર - કચ્છ ખાતે ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ





## સાંધવ - કચ્છ ખાતે ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ





# શ્રી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૧૯




## શ્રી પંકજ કેશવજી ધરમશી

રંગપુર - મુલુન્ડ

*"મસ્ત છું હું મારા કામમાં વ્યસ્ત છું હું,*
*ભલે લાગે જીવન ત્રસ્ત, પણ છતાંય મસ્ત છું હું..."*

ઉપરોક્ત પંક્તિ આપશ્રી માટે કહેવી જરૂરી થઇ ગઈ, કેમકે આપશ્રીએ આપના મસ્ત જીવનની પળોમાંથી પણ સમય કાઢી સમાજ માટે કઈંક કરી છૂટવાનું મન બનાવી લીધું હતું.

**ગુરૂવાર તા. ૦૪/૦૭/૨૦૧૯ ના યોગી સભાગૃહ–દાદર** મધ્યે યોજાયેલ **શ્રી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૧૯** માં આપશ્રીને "સમાજ સેવા" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા તે બદ્દલ દિલથી હાર્દિક અભિનંદન.

આપશ્રીએ માદરે વતન **રંગપુર તથા હાલાર પંથકના યશકલગી સમાન મોડપુર તીર્થના જિર્ણોધ્ધારમાં પણ તન–મન–ધન** થી સહયોગ આપી સમાજમાં સેવા કરવાનો નવો ચીલો પાડ્યો છે તેની ભૂરી ભૂરી અનુમોદના. આપશ્રીને **શ્રી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૧૯** મળ્યો એ પુરવાર કરે છે કે આપની કાર્યદક્ષતા અને ગુણવત્તાની શ્રેષ્ઠતાનો જાહેરમાં સ્વીકાર થયો છે, ભવિષ્યમાં આજ પરંપરાને આગળ વધારશો એવી અનેકાનેક શુભેચ્છાઓ.

આપને મળેલ વિશેષ સિધ્ધિની નોંધ લઇ ગર્વ અનુભવતા શ્રી રંગપુર ગામના જ્ઞાતિજનો, ગામવાસીઓ તથા ભૂતપૂર્વ અને વર્તમાન પદાધિકારીશ્રીઓ અને ટ્રસ્ટીશ્રીઓ વતી....

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ**

**શ્રી બિપીન પાશ્વીર નાગડા** – સેક્રેટરી

**: વર્તમાન સેવાકીય સંસ્થા :**

**શ્રી ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ** - પ્રમુખ

**શ્રી મોડપુર સુપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ** - પ્રમુખ

**માતુશ્રી મોંઘીમાં નાંગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલય,** જામનગર - ટ્રસ્ટી, ખજાનચી

# શ્રી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૧૯




## શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા

મોટી ખાવડી - થાણા

**''હવે રસ્તો બદલ ઓ દિલ, એનું ઘર નહિં મળશે ,**
**અને મળશે તો પહેલા જેટલો આદર નહિં મળશે''**

આપશ્રી બચપણ, જુવાની તથા જૈફ વયમાં પ્રવેશ કરતા જીવનની ઘણી સંઘર્ષપૂર્ણ યાત્રાઓની સફરે સફળતાઓ મેળવી છે. ઉપરોક્ત પંક્તિને સાર્થક કરતા આપશ્રીએ એક મુકામ પર એવો વિચાર કર્યો ને અમલમાં મુક્તા વ્યવસાયિક જગતમાં ખુબ નામ - દામ કમાવ્યા જેના તમો ખરેખર હકદાર હતા.

**ગુરૂવાર તા. ૦૪/૦૭/૨૦૧૯**ના યોગી સભાગૃહ-દાદર મધ્યે યોજાયેલ **શ્રી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૧૯**માં આપશ્રીને **''વ્યાપાર ઉદ્યોગ''** એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા તે બદ્દલ આપશ્રીને ખોબલે ખોબલે અભિનંદન.

વિશેષતઃ આપશ્રી હાલારના તીર્થ એવા શ્રી મોટી ખાવડી ગામ માટે ગૌરવવંત છો, આપશ્રી મોટી ખાવડી ગામના પ્રથમ એવા સદસ્ય છો જેમને વ્યાપાર - ઉદ્યોગમાં નોંધનીય સફળતા માટે શ્રી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો, આપશ્રીએ સામાજિક ક્ષેત્રે પણ ઘણી સેવા આપી છે અને આપી રહ્યા છો તે અનુમોદનીય છે.

આપશ્રીને શ્રી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૧૯ મળ્યો એ પુરવાર કરે છે કે આપની કાર્યદક્ષતા અને ગુણવતાની શ્રેષ્ઠતાનો જાહેરમાં સ્વીકાર થયો છે, ભવિષ્યમાં આજ પરંપરાને આગળ વધારશો એવી અનેકાનેક શુભેચ્છાઓ.

**શુભેચ્છક :**

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (મોટી ખાવડી)** **શ્રી મોટી ખાવડી હિતવર્ધક મંડળ (મુંબઈ)**
**માતુશ્રી મોંઘીમાં નાંગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલય (જામનગર)**
**માતુશ્રી બાયાબાઈ ગોવિંદજી દેવજી લોડાયા સહ પરિવારજનો**

| | | |
|---|---|---|
| શ્રી વિજય મોતીલાલ લોડાયા | શ્રી બિપીન પાર્શ્વીર નાગડા | શ્રી અશોક મણિલાલ દંડ |
| શ્રી દિલીપ ડુંગરશી લાપસીયા | શ્રી ગિરીશ ખીમજી લોડાયા | શ્રી સુનિલ માણેકજી લોડાયા |
| શ્રી વિપુલ ડુંગરશી માલદે | શ્રી નરેન્દ્ર હંસરાજ લોડાયા | શ્રી મનોજ ભવાનજી ખોના |

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા



**અંક નં. ૨૪**
**Date : 20-07-2019**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


**તંત્રી સ્થાનેથી**

# Keep Inspiring

A car ahead was moving like a turtle and not giving me way inspite of my continuous honking ! I was on brink of losing my cool when I noticed the small sticker on the car's rear!

"Physically challenged; Please be patient."

And that changed everything !!

I immediately went calm & slowed down!!

In fact, I got a little protective of the car & the driver !!!

I reached home a few minutes late, but it was ok !

And then it struck me.

Would I have been patient if there was no sticker ?

Why do we need stickers to be patient with people ?

Will we be more patient & kind with others if people had labels pasted on their foreheads ?

Labels like ....

" Lost my job"

"Fighting cancer"

"Going through a bad divorce"

"Suffering Emotional abuse"

"Lost a loved one"

"Feeling worthless"

"Financially broken"

....and more like these !!

Everyone is fighting a battle we know nothing about.

The least we can do is to be patient, kind & compassionate

"Let us respect the Invisible Labels !!"

**Keep Inspiring**

*ઉપરોક્ત વિચાર મને પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ તંત્રી એડ. શૈલેષ શાહ પારેથી મળ્યો. મેં આ વિચારને વારંવાર વાચ્યું અને વિચાર્યું કે આપણે સૌએ આ અંગે ગંભીરતાપૂર્વક જરૂર મનન કરવું જોઈએ. શાસ્ત્રમાં કહેવાયું છે કે શબ્દની પણ શક્તિ હોય છે અને આ શક્તિનો અનુભવ મેં પોતે કર્યો.* **"Keep Inspiring"** *આ શબ્દ મારા મનમાં સતત પડઘાતો રહ્યો અને આપની સાથે આ વિચાર વહેંચવાની ઈચ્છા થઈ. આજના સ્પર્ધાત્મક જગતમાં આપણને બધું જોઈએ છે, આપણી ઈચ્છા અને શરત મુજબ બધું જોઈએ છે. તે મેળવવા માટે સતત મથી રહેલા આપણે અન્યોનો વિચાર કરતા નથી. અન્ય લોકોની પરેશાનીઓ, પ્રશ્નો, પરિસ્થિતિઓનો વિચાર કરતા નથી અને માનતા રહીએ છીએ કે આપણે પોતે જ સાચા છીએ, બીજા બધા*

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*ખોટાં છે. આ છે આજના સ્પર્ધાત્મક યુગનું કડવું સત્ય.*

*અનેક લોકો હંમેશા કહેતા ફરે છે કે 'મને કોઈ સમજતું નથી' આ ફરિયાદ કરતા કરતા વ્યવસ્થાને ભાંડતા રહે છે. તેઓ જે કરે તે જ સાચું, અને તે બીજા લોકો સ્વિકારે એવું મનોવલણ ધરાવે છે. આવા વ્યક્તિઓ અન્યોના અભિપ્રાયો કે રસ રૂચિ જાણવાની તૈયારી રાખતા નથી. તેમજ અન્ય વ્યક્તિઓના વિચારો તથા લાગણીઓની કદર પણ કરતા નથી.*

*આપણે આપણી આસપાસની વ્યક્તિઓની લાગણીઓને સમજવી જોઈએ અને એનો આદર કરવો જોઈએ અન્ય વ્યક્તિની પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા સ્વીકાર કરવો જોઈએ કે દરેક વ્યક્તિની ક્ષમતા, લાગણી અને પરિસ્થિતિ અલગ હોવાથી બધા આપણી રીતે જ કાર્ય નહિં કરી શકે.*

**- હિરાચંદ દંડ**

**શ્રી અરિહંત કો. ઓપ. બેંક લિમિટેડ**
ACBL Estd 1984
**Head Office :** GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex, L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.
**H.O. Tel.:** 2579 9326 • **Fax :** 2579 9323 • **E-mail :** acblho@arihantbank.com

**૩૬મી વાર્ષિક સર્વસાધારણ સભાની નોટીસ (સૂચના)**

આથી સૂચિત કરવામાં આવે છે કે શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સભ્યોની ૩૬મી સર્વસાધારણ સભા સોમવાર, તા. ૧૨મી ઓગસ્ટ ૨૦૧૯ના સવારના ૯.૩૦ વાગ્યે શ્રી કાલિદાસ નાટ્ય મંદિર, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦ ખાતે યોજાશે.

સભ્યોને આ સભામાં ઉપસ્થિત રહેવા વિનંતિ કરવામાં આવે છે.

સભ્યોને વિનંતિ કરવામાં આવે છે કે તેમણે ૩૬મો વાર્ષિક અહેવાલ બેંકની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી લેવો અથવા બેંકની કોઈપણ શાખા કે હેડ ઓફિસ થી છપાયેલ અહેવાલ તા. ૩૦ જુલાઈ ૨૦૧૯ કે ત્યારબાદ મેળવી શકાશે.

**કિરણ પટેલ** (ચીફ એકઝીક્યુટીવ ઓફિસર)

**તા.ક.:** સભ્યો જે ૪૦ થી ઓછા શેર ધરાવતા હોય અને ખાતામાં રૂપિયા ૫૦૦ની લઘુતમ રકમ ન હોય તેમને પેટાનિયમ (બાયલોઝ) પ્રમાણે સભામાં સહભાગી થવા નહીં મળે.

પ્રકાશ સમીક્ષા દ્વારા જ્ઞાતિની સગપણ વિચ્છેદની સમસ્યા અંગે જ્ઞાતિજનોને પોતાના વિચારો વ્યક્ત કરવા નિમંત્રિત કરવામાં આવ્યા હતા જેના પ્રતિસાદ રૂપે બે જ્ઞાતિજનોના વિચારો આ અંકમાં પ્રકાશિત કર્યા છે. સગપણ વિચ્છેદની સમસ્યા વિશે હજુ વધુ જ્ઞાતિજનોને પોતાના વિચારો મોકલવા આગ્રહભરી વિનંતી છે.

## સગપણ – વિચ્છેદ – એક વિચાર પ્રક્રિયા

યુવાવર્ગ એ મનુષ્ય જીવનનો સુવર્ણકામ મનાય છે. તેમના શરીરમાં શક્તિ અને સ્ફૂર્તિ તેમજ દામ્પત્ય જીવન વિશેના અવનવા વિચારો ઉદ્ભવતા હોય છે. હૃદયમાં સોહામણાં સ્વપ્નો આકાર લેતાં હોય છે અને મન આશાઓ અને અરમાનોના પારણાંમાં ઝૂલતું હોય છે. આમ છતાં એ જીવનમાં મજાઓ સાથે મૂંઝવણો પણ હોય છે.

યુવા વર્ગ, મા-બાપ, વડીલવર્ગની એક ખૂબજ મૂંઝવતી સમસ્યા તરફ નજર કરીએ. યુવાવર્ગના જીવન ચક્રનું પ્રથમ ચરણ એટલે સગપણ, ત્યારબાદ લગ્ન-દામ્પત્ય જીવન. સગપણ તબક્કે અગર શારિરીક અથવા માનસિક કજોડાં થઇ જાય તો શું ? આ એક ગંભીર સમસ્યા છે. આજના સામાજીક માહોલમાં યુવક-યુવતી પરસ્પર બે-ચાર વખત મળે છે. એકબીજાના ઘરની, પરિવારની તેમની રહેણીકરણી વગેરે બાબતની તપાસ કરે છે. પ્રાથમિક દ્રષ્ટિએ બધું જ બરાબર જણાતાં બન્નેનાં સગપણ થાય છે. સગપણ અગાઉ બન્ને પાત્રો એકબીજાને બે-ચાર વખત મળ્યા છતાં તેમજ અન્ય જરૂરી તપાસ કર્યા છતાં તેઓના સગપણ કેટલાક કિસ્સામાં એક-બે માસમાં અથવા ટૂંક સમયમાં જ તૂટી જાય છે. આમ કેમ ? આ પ્રકારની સ્થિતિમાં લગ્નોત્સુક યુવાવર્ગ ક્યાં અને કેવી ભૂલ કરે છે ? સગપણ વિચ્છેદ બાદ યુવક કરતા યુવતીની સ્થિતિ વધારે જટિલ બને છે. અન્ય પાત્ર શોધવામાં અનહદ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કેટલાક કિસ્સાઓમાં લાંબા સમય સુધી રાહ પણ જોવી પડે છે. સગપણ વિચ્છેદ એક ગંભીર સમસ્યા બની જાય છે.

વિલસેન ઇન્ડિયા નામક એક સંસ્થાએ તાજેતરમાં કરેલા રાષ્ટ્રવ્યાપી સર્વેક્ષણમાં પુરૂષોના મનની ભાવનાઓ સંબંધી કેટલીક રસપ્રદ હકીકતો બહાર આવી છે. જે વર્તમાન યુવાવર્ગના પરસ્પર સંબંધ પર નવા વિચારો દર્શાવે છે. તે તરફ એક નજર કરીએ.

- આ સર્વેક્ષણમાં ૭૩ ટકા સ્ત્રીવર્ગે જણાવ્યું હતું કે અમારા બાહ્ય રૂપરંગથી જ અમારૂં વ્યક્તિત્વ સમજી લેવામાં આવે છે. જે યોગ્ય નથી.
- બહારથી સારૂં લાગતું વ્યક્તિત્વ અંદરથી ખરાબ હોઇ શકે છે તે રીતે બહારથી ખરાબ જણાતું વ્યક્તિત્વ અંદરથી સારૂં પણ હોઇ શકે છે.
- વાસ્તવમાં સામેના પાત્રના ગુણ, રીતભાત, કળા, લાક્ષણિકતા વગેરે તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.
- બીજી તરફ ૬૬ ટકા પુરૂષોએ જ કબૂલ્યું હતું કે અમે સ્ત્રીના બહારના દેખાવ અને રૂપરંગથી જ અભિપ્રાય મેળવી લઇએ છીએ. આ કેટલા અંશે યોગ્ય છે ?
- આ રજૂઆત સામે મહિલાઓએ સ્પષ્ટ કર્યું હતું કે માત્ર રૂપ કે બહારના દેખાવથી કોઇની ક્ષમતા અથવા લાયકાત અંગે અભિપ્રાય બાંધી લેવો જોઇએ નહીં.

આવા કારણે જ સગપણ વિચ્છેદ જેવું પરિણામ આવી શકે છે.

વ્યક્તિના અંદરની ક્ષમતાઓને પ્રથમ જાણી, ઓળખી લીધા બાદ જ યોગ્ય નિર્ણય કરવો જોઇએ. અગર આ પ્રકારની પધ્ધતિ અખત્યાર કરવામાં નહીં આવે તો શક્ય છે કે તેમના સગપણ બાબતે સમય રહેશે નહીં. શરૂઆતના તબક્કે યોગ્ય જાણકારી, માહિતી મેળવવામાં ન આવે અથવા તો એકબીજાના વ્યક્તિત્વને જાણવામાં, ઓળખવામાં ન આવે તો ટૂંક સમયમાં જ મનભેદ જણાય છે. સગપણ બાબતમાં ઊંડા ન ઉતરવાના કારણે કાંઇક ખોટું થઇ ગયું છે, તેવું પાછળથી જણાય છે. તેના પરિણામ સ્વરૂપે સગપણ વિચ્છેદ થાય છે. આ સામાજીક ગંભીર સ્વરૂપની સમસ્યા હલ કરવા અથવા તો સમસ્યા ઊભી જ થાય નહીં તે માટે વિચારીએ તો...

- પરિવાર અને સમાજે સગપણ વિચ્છેદ બાબતે ગંભીર નોંધ લઇને તેના ઉકેલ તરફ કાર્યવાહી કરવી જોઇએ.
- પોતાના જ્ઞાતિ મંડળ, સમાજમાં સભ્ય થઇને તેની દરેક

Exclusive Embroidery & Upto date Finishing
Sachi Jari Mate Real Nam
SILK SAREE EMPORIUM
Sachi Jari Mate Real Nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

પ્રવૃત્તિઓમાં સક્રિય થવું જોઇએ. જેથી જ્ઞાતિ પરિવારજનો વચ્ચે આપસમાં પરિચય કેળવાય.

- શક્ય હોય ત્યાં સગપણ પોતાના જ જ્ઞાતિ પરિવારના સભ્યોમાં થાય તે જોવું જોઇએ. એટલું જ નહીં પરંતુ તેને અગ્રતા આપવી જોઇએ.
- જ્ઞાતિ પરિવારના પાત્રમાં અગર કંઇક અંશે માઇનસ પોઇન્ટસ હોય તો પણ તેને ગૌણ સમજીને સ્વીકારી લેવી જોઇએ.
- સગપણ બાબત ખોટી ઉતાવળ કરવી જોઇએ નહીં.
- સામેના પાત્ર સંબંધી એટલે કે તેના અંગત જીવન અંગેની તથા તેના અભ્યાસ, નોકરી, કામ-ધંધાની માહિતી મેળવવી જરૂરી છે.
- યુવક-પાત્રની માસિક આવક કેટલી છે ? તે આવકનો કેવી રીતે ઉપયોગ થાય છે તે જાણવું જોઇએ.
- પાત્રના મિત્રવર્ગની માહિતી મેળવીને તેના શોખ, કુટેવ, રહેણીકરણી વગેરે બાબતોની પૂરી જાણકારી પ્રાપ્ત કરવી જોઇએ.
- યુવક પાત્રના ઘર, પ્રોપર્ટી, કામ-ધંધાના સ્થળ સંબધીના દસ્તાવેજોની વિગત સ્પષ્ટ રીતે સમજી લેવી જોઇએ.

## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા દ્વારા ખુલાસો

પ્રકાશ-સમીક્ષાએ અંક-૨૨, તા. ૨૦-૬-૨૦૧૯, પાના-૨૩, 'વતનના વર્તમાન' વિભાગમાં જખૌ ગૌશાળાના કામોમાં ભારે ભ્રષ્ટાચાર થયાની ફરિયાદના સમાચાર પ્રસિધ્ધ કર્યા છે. વર્તમાન પત્રના સમાચાર મુજબ ફરિયાદ મનરેગા હેઠળ કાર્ય કરતી ગૌશાળાના વહીવટ માટે કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. આપણી સંસ્થાને મનરેગા સાથે કંઇપણ સંબંધ નથી. આ સમાચાર વિશેની સત્ય હકીકત અમારી સંસ્થાને દાન આપનાર દાતાઓ, શુભેચ્છકો તથા સમસ્ત સમાજને જણાવવી અત્યંત જરૂરી છે. ૧) અમારી સંસ્થાને મનરેગા સાથે કંઈજ સબંધ નથી તથા તેની અંતર્ગત કોઈપણ કામ કરતા નથી. ૨) અમારી સંસ્થાનો વહીવટ સંપૂર્ણ પારદર્શક, ચોખ્ખો, કાયદેસર નિયમો અનુસાર છે. આ હકીકત મામલતદાર સાહેબ, નલિયાએ પોતાના રીપોર્ટ તા. ૪-૧૦-૨૦૧૮માં નોંધ કરી છે. (પ્ર.સ. અંક તા. ૨૦-૧૦-૨૦૧૮ની જાહેરખબરમાં છે.). ૩) અમારી સંસ્થાના હીસાબ નિયમિત છે અને પ્રતિષ્ઠિત સીએ મે. ખીમજી કુંવરજી કાં, ગાંધીધામ દ્વારા ઓડીટ તથા સર્ટીફાઈડ થઇ પ્રસિધ્ધ કરાય છે. અમારા સર્વ દાતાઓ, સહાયકો, શુભેચ્છકો, તથા સમાજના સભ્યોનો હંમેશ સાથ સહકાર મળતો રહ્યો છે તેવો જ મળતો રહેશે એવો વિશ્વાસ છે.

લી. **શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**
**મહેન્દ્ર દેવજી ખોના**, મેનેજિંગ ટ્રસ્ટી, મુંબઈ-થાણે.

- સામેના પાત્રને કોઇ અન્ય વ્યક્તિ સાથે પ્રેમનું લફરૂં નથી ને ? તેની સ્પષ્ટતા કરી લેવી જોઇએ.
- અગર સામેનો પાત્ર વિદેશમાં હોય તો, ત્યાં સમાજ-પરિવાર-મિત્ર વર્ગ મારફત તેની રહેણી કરણી, નોકરી, કામ-ધંધાની માહિતી સાથે આવક કેટલી છે, તે જાણવું જરૂરી છે.
- વ્યક્તિ વિદેશમાં હોય તો, ક્યા પ્રકારના વિઝા તેને મળેલા છે તેની વિગત લેવી જોઇએ ?
- પાત્રના મિત્રવર્ગ, પરિવારજન, ઘર, ઘરની રહેણીકરણી, પાત્રના શોખ, માસિક ખર્ચ વગેરે બાબત સગપણ અગાઉ જાણવી જરૂરી છે.
- સગપણ જાહેર થયા બાદ અગર કોઇ સ્થળેથી ઈર્ષા ભાવે ખોટી માહિતી સાથે કાન-ભંભેરણી કરવામાં આવે તો, પ્રથમ દ્રષ્ટિએ તપાસ કરીને સત્ય જાણી લેવું જોઇએ.
- પાત્રનો સ્વભાવ, સ્કૂલ-કોલેજમાં તેના અભ્યાસ અને પ્રવૃત્તિઓ સંબંધી જાણકારી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ.
- પાત્રને શારીરિક રીતે કોઇ બીમારી રહે છે કે કેમ, તેની વિગત મેળવી લેવી જોઇએ.
- આ સાથે પાત્રએ કોઇ મોટી અને ખોટી મહેચ્છાઓ રાખવી જોઇએ નહીં ? તે બાબતે સગપણ અગાઉ વાતચીત કરી લેવી જોઇએ.
- પાત્રમાં પીઢતા કેટલી છે, આવડત કેટલી છે, મુસીબતોનો સામનો કરવાની ક્ષમતા કેટલી અને કેવી છે. કોઇ વિષયે અથવા તો સમસ્યા બાબત સમજૂતી થઇ શકે તેવી સ્થિતિ છે કે નહીં વગેરે અંગત બાબત સગપણ અગાઉ જાણી લેવી જોઇએ.
- પાત્ર સંયુક્ત કુટુંબમાં માને છે કે સ્વતંત્ર કુટુંબમાં તેની સ્પષ્ટતા મેળવવી જોઇએ. સગપણ બાદ તેમાં મતભેદ થવા જોઇએ નહીં.
- ખુલ્લા દિલથી બન્ને પાત્રોએ અથવા તો તેમના પરિવારજનોએ જરૂરી તમામ સવાલ-જવાબની પ્રક્રિયા કરીને ભીતરમાં રહેલી ક્ષમતા, લાગણી, વ્યક્તિત્વ અને લાક્ષણિકતા જેવા મુદ્દાઓમાં ઊંડા ઉતર્યા બાદ જ યોગ્ય મૂલ્યાંકન કરવું પરસ્પરના હિતમાં રહેશે.
- આ અત્યારે 'ઓન લાઇન' અને 'નેટ'નો જમાનો છે. તે સંજોગોમાં ઉપરની પ્રક્રિયામાં જવાનું આસાન નથી. તેમ છતાં વાસ્તવિકતાના આધાર પર જ યુવક-યુવતીઓના સહસંબંધનો નિર્ણય લેવાય તો સગપણ - વિચ્છેદની સમસ્યા નિવારી શકાશે.

- **ચંદ્રકાંત દામજી શાહ**, અમદાવાદ, 079-26605225

# શું તમારું બાળક અગ્રેસીવ છે????

આજના દરેક પેરેન્ટસ ને સતાવી રહ્યો છે આ પ્રશ્ન. તમામ સુખ અને સુવિધાઓ આપવા છતા બાળક ખુશ કેમ નથી?

મારું સંતાન હમેંશા ખુશ રહે, જે સુખ મને નથી મળ્યું એ તમામ સુવિધાઓ હું મારા બાળકને આપું એવી ઈચ્છા દરેક મા-બાપને હોય છે. પરંતુ શું ખરેખર બાળક ખુશ છે? એના સુખ માટે ઝઝુમનારા આપણે એને સાચું સુખ આપી રહ્યા છીએ? સુવિધાઓ આપવા છતા તે ચિડચિડા અને ગુસ્સાવાળા શા માટે હોય છે? આવા તમામ પ્રશ્નો આજના મા-બાપને સતાવી રહ્યા છે. બ્રિટિશ જર્નલના સંશોધનકારોના મત પ્રમાણે પણ એ વાત સ્પષ્ટ થઈ છે કે બાળકોમાં અગ્રેસીવનેસ નું પ્રમાણ વધતું જાય છે. સમય ચુકી જતા પહેલા આ સમસ્યાનું સમયસર સમાધાન કરવું હોય તો વ્યસ્ત જીવન શૈલીમાંથી થોડો સમય કાઢી એના પ્રશ્નો અને નિવારણો જાણો.

આપણે સૌ એ ખુશીની વ્યાખ્યા સુવિધા બનાવી લીધી છે પરંતુ ખરેખર બાળકની સુખ અને સુવિધાની વ્યાખ્યા ભૌતિક સુખ કે સામગ્રી નથી. નવા ટ્રેન્ડમાં દરેક પેરેન્ટસ હવે એમ વિચારે છે કે એક બાળક હોય તો સારું. અને બેસ્ટ એજ્યુકેશન અને લક્ઝરી લાઈફ સ્ટાઈલ આપી શકાય તે માટે બને પેરેન્ટસ વર્કિંગ થયા છે. કામનું પ્રેશર અને તાણ લઈને ઘરે આવે એટલે બાળકની વાતો ટાળવા એની દરેક માંગને પુરી કરી એને ચુપ કરી દેવામાં આવે એને કારણે દરેક વાતમાં તેને હા સાંભળવાની ટેવ પડી જાય અને ધીરે ધીરે માંગ મોટી થતી જાય અને જો કોઈ કારણસર એ ન પુરી થાય તો એ ચિડચિડું થઈ જાય અને ઘણી વખત એ, ન લેવાના પગલા પણ ભરી લે છે. ગુસ્સે થવાના ઘણાં કારણોમાનું એક કારણ એ પણ છે કે, તેને નિગ્લેક્ટ કરવામાં આવે છે તેની વાતોને સાંભળવાની જગ્યાએ અવોઈડ કરવામાં આવે છે. આજના પશ્ચિમી વાતાવરણમાં અને સ્માર્ટ ફોનના જગતમાં આપણે બહારના લોકો સાથે સંબંધ એટલો વધી ગયો છે કે મોબાઈલ, ફેસબુક અને ટવીટર માં ચેટીંગ એ વ્યસન બનતું જાય છે બાળક જ્યારે કંઈ પણ કહેવાનું શરૂ કરે કે તેને તરત જ કહેવામાં આવે, પાંચ મિનિટ ઉભો રે જોતો નથી બિઝી છુ? અને પછી બસ એ પાંચ મિનિટ ત્યારે પતે જ્યારે બાળક તમારી સાથે વાત કરવાની રાહ જોઈ સૂઈ ગયું હોય અથવા બીજી એક્ટીવીટીમાં ઈનવોલ્વ થઈ ગયું હોય. તેની એવગણના કરવાના કારણે તે મનથી પેરેન્ટ્સ પ્રત્યે ખૂબ રોષ ધરાવતું થઈ જાય છે. આમ દિવસે દિવસ તે અગ્રેસીવ બનતો જાય છે. અને એ પોતે પણ પોતાના માટે ટેબલેટ પીએસપી અને સ્માર્ટ ફોનમાં જ પોતાની લાગણીઓ શોધતો થઈ જાય છે અને કુત્રિમ લાગણીઓ વચ્ચે બાળકનો વિકાસ પણ કુત્રિમ થતો જાય છે. બહાર રમવા જાય તો એ ખરાબ ન શીખે અને જેવા તેના ફ્રેન્ડસ ન બનાવે એની ચિંતા કરવાવાળા આપણે, ટેક્નોલોજીની દુનિયામાં એ કોની સાથે પરિચિત થાય છે એની કલ્પના પણ નથી કરતા. ટેક્નોલોજીનો ઉપયોગ માનવ જગત માટે વરદાન છે. પરંતુ તેને નિયંત્રણમાં રાખવું જરૂરી છે. તેનું રિમોટ આપણાં હાથમાં હોવું જોઈએ. નહિતર આપણે તેના ગુલામ બનીને રહી જઈશું અને બાળકો વિકૃત બનતા જશે.

મલ્ટી ટાસ્કીંગ હોવું ખૂબ જરૂરી છે એવી ગ્રંથી બાંધી આપણે બાળકોને વિવિધ એક્ટિવિટીમાં ગુંચવી દીધા છે. હરિફાઈની હોડમાં ધકેલી તેને હંમેશા બીજા બાળક સાથે સરખાવી બેસ્ટ બને એવી અપેક્ષાઓના કારણે તેને બાળપણથી જ તાણયુક્ત જીવન જીવાડીએ છીએ. એના માટે સારું શું છે એ અંગે આપણે પોતે જ સ્પષ્ટ નથી હોતા.

**કારણોના તારણ :** જો આપણે આપણાં બાળકોના હિતેચ્છુ છીએ તો એના નિર્દોષ બાળપણને નિખાલસતાથી માણવા દો. એક સ્પષ્ટ અભિગમ હોવો ખૂબ જરૂરી છે.

વર્તમાન યુગમાં સારું જીવન જીવવા માટે પેરેન્ટસ વર્કિંગ થયા છે તે વાત સાચી પરંતુ પોતાના બાળક માટે દિવસમાં ઓછામાં ઓછો અડધો થી એક કલાક તો વિતાવવો ખૂબ જરૂરી છે એમ વૈજ્ઞાનિકોનું પણ કહેવું છે. અને હા જ્યારે બાળક સાથે સમય વિતાવતા હોવ ત્યારે તમારા સ્માર્ટ ફોન અને ગેજેટ્સને ઑફ અથવા સાયલન્સ કરી નાખશો. એની કાલી ઘેલી વાતો અને દિવસભરનું શેરીંગ સાંભળજો જેનાથી એનું મન ખીલશે એ મુંઝાશે નહી. એને તમારા સમયની જરૂર છે સુવિધાઓની નહી. સુવિધાઓની આદત તો આપણે એને પાડીએ છીએ. જો એને તમારો સાથ નહી મળે તો એ કૃત્રિમ દુનિયામાં ખોવાઇ જાશે. જો આજે તમારી પાસે સમય નથી તમારા બાળક માટે તો આવતી કાલે એની પાસે પણ સમય નહીં હોય તમારા માટે.

બાળક તમારી ટ્રેઈનીંગથી નહી પરંતુ તમારા આચરણથી શીખે છે માટે સ્વમાં ફેરફાર લાવો. તમે બિઝી છો માટે તેને નિગ્લેક્ટ કરી તેની માંગને પુરી કરી જીદ્દી બનાવવાનું બંધ કરો. નહીતર આ જીદ્દ એને મોટી માંગ તરફ લઈ જાશે અને જો એ નહીં પુરી થાય તો ડિપ્રેશનમાં અણધાર્યા પગલાં ભરશે. માટે નાનપણથીજ તેને વસ્તુનું મહત્વ સમજાવો અને આને માટે આપવો પડશે તમને સમય. પરિવારને પ્રાધાન્ય આપો અને કિંમતી સમય બહારની આકર્ષિત દુનિયાના ચેટીંગમાં વિતાવવા કરતા પોતાના બાળકો સાથે વિતાવો. એ તમને જોવે છે નિરિક્ષણ કરે છે. તમારા બાળકના સ્વભાવના જવાબદાર તમે પોતે જ છો. માટે 'જાગો સાવધાન થઈ જાવ' હુંફ અને પ્રેમથી, વાત્સલ્યથી એમનો ઉછેર કરશો તો એ કદી અગ્રેસીવ નહી બને.

**– ભાવિની લોડાયા,** મુલુંડ, **91676 67126**

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદ બંદર જૈન સંઘ, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

# ધ્વજાના વધામણા પ્રભુ અનંતનાથના ધામે

અલબેલા દાદા અનંતનાથની લીલા છે અપરંપાર ૧૮૬ વર્ષથી જેમણે કર્યું છે મસ્જિદ બંદર ઉપર રાજ્ય એવા પ્રભુના દેરાસરની ધ્વજા મહોત્સવ પ્રસંગના પડગમ વાગી રહ્યા છે. શ્રી અનંતનાથ દાદાની છાયા અચલગચ્છાધિપતિશ્રીના આશિષ વર્ષાની સાથે સાધ્વી મુખ્યા **પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા.**ના શિષ્યા, વિદુષી શાસનપ્રભાવિકા **પ.પૂ. સાધ્વી પુણ્યોદયશ્રીજી મ.સા.** ના શિષ્યા **પ.પૂ. સાધ્વી મૌનગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી વંદનગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી પરાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી હિરકગુણાશ્રીજી મ.સા.**ના શુભ સાનિધ્ય તેમજ **યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**નો સંગાથ જે બનાવશે પ્રસંગને દેદિપ્યમાન.

## પંચાહ્નિકા મહોત્સવ

**ચાલો આપણે ઉમંગભેર ઉજવીએ અનંતનાથ દરબારે ધ્વજા મહોત્સવ - પંચાહ્નિકા મહોત્સવના**

| | |
|---|---|
| **પ્રથમ દિવસ** | **શ્રાવણ સુદ - ૫, તા. ૦૫-૦૮-૨૦૧૯ સોમવાર સવારના ૯.૦૦ કલાકે**<br>ગિરનાર તીર્થ મંડન નેમનાથ પરમાત્માનો જન્મ કલ્યાણક (શ્રી ગિરનાર તીર્થ ભાવયાત્રા) |
| **દ્વિતીય દિવસ** | **શ્રાવણ સુદ - ૬, તા. ૦૬-૦૮-૨૦૧૯ મંગલવાર સવારના ૯.૦૦ કલાકે**<br>નેમનાથ પરમાત્માનો દિક્ષા કલ્યાણક |
| **તૃતિય દિવસ** | **શ્રાવણ સુદ - ૭, તા. ૦૭-૦૮-૨૦૧૯ બુધવાર સવારના ૯.૦૦ કલાકે**<br>શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા **સાંજના ૮.૦૦ કલાકે "મહાકાળી માતાની ભાવના"**<br>યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.ના સંગાથે શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપ ભણાવશે. |
| **ચતુર્થ દિવસ** | **શ્રાવણ સુદ - ૮, તા. ૦૮-૦૮-૨૦૧૯ ગુરૂવાર સવારના ૯.૦૦ કલાકે**<br>અઢાર અભિષેક **સાંજના ૮.૦૦ કલાકે શ્રી કુમારપાળ રાજાની મહાઆરતી અને ભાવના** |
| **પંચમ દિવસ** | **શ્રાવણ સુદ - ૯, તા. ૦૯-૦૮-૨૦૧૯ શુક્રવાર સવારના ૮.૦૦ કલાકે**<br>**"ધ્વજા મહોત્સવ"** એક જિનાલય નહિ પણ એક તીર્થ જ્યાં ૨૪ જિનાલય છે, એવા અનંતનાથજી ૨૪ જિનાલય મહાતીર્થની ૧૮૬મી વર્ષગાંઠની ધ્વજારોહણ સાથે સત્તરભેદી પૂજા સવારના ૮.૦૦ કલાકે. ધ્વજા રોહણ મહોત્સવ બાદ "નાત જમણ" રાખવામાં આવેલ છે, સાંજના ભાવના ૮.૩૦ કલાકે. |

**તા.ક.:** ૦૪-૦૮-૨૦૧૯ને રવિવારના વ્યાખ્યાન દરમ્યાન કુમારપાળ રાજાની આરતી, અઢાર અભિષેક તથા ધ્વજાના ચડાવા લેવામાં આવશે.

## ખાસ સભા — શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

મુંબઈ મહાજનશ્રીની એક ખાસ સભા શ્રાવણ સુદ ૯ ને **શુક્રવાર, તા. ૦૯-૦૮-૨૦૧૯ના સવારના શ્રી અનંતનાથજી મહારાજ જિનાલય, મસ્જિદ બંદર**માં ધ્વજારોહણ દરમ્યાન એકત્ર થશે, જેમાં નીચે મુજબ કાર્યસૂચી હાથ ધરાશે. શ્રી પર્યુષણ દરમ્યાન શ્રી કલ્પસૂત્ર (પોથી) ઘરે પધરાવવાના ઘૃતની ઉછામણી બોલાવી આદેશ આપવામાં આવશે. ઉલ્હાસભેર લાભ લેવા વિનંતી.

**એજ લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

**રમેશ હીરજી લોડાયા** – માનદ્‌મંત્રી        **ચેતનકુમાર ખીમજી મોમાયા** – માનદ્‌મંત્રી

**નોંધ :** જે કોઈ ભાગ્યશાળી પરામાંથી પોથી પધરાવવાનો લાભ લેશે. તેને જાગરણ માટે મહાજનશ્રી દ્વારા મસ્જિદ બંદર ખાતે વ્યવસ્થા કરી આપવામાં આવશે.

# ઓસવાલોનો ઈતિહાસ - કુળદેવી સચ્ચાય માતા - ભાગ ૩

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

ગતાંકમાં આપણે સચ્ચાય માતાના થોડા પરચા જોયા. આજે થોડા વધારે જોઇએ.

(૪) જ્યારે જ્યારે ઉપકેશગચ્છનાં આચાર્યોએ દેવી સચ્ચાયને યાદ કરી છે ત્યારે હાજર થઇ છે અને શાસન પર આવેલી વિપત્તિઓને દૂર કરવા સહાય કરીને પોતાનું વચન નીભાવ્યું છે. ભગવાન પાર્શ્વનાથની ૨૯મી પાટે આચાર્ય દેવગુપ્તસૂરિ (પાંચમાં) થયા. એ સમયે ગુરઓની ત્રીજી કે ચોથી પાટે ફરી એજ નામ રાખવાની પરંપરા હતી. વિ.સં. ૩૫૭ થી ૩૭૦ એમનાં આચાર્ય પદનો સમય. સંસારીપણામાં એમનું નામ હતું વરદત્ત અને ગામ હતું મારવાડમાં આવેલું કોરંટપુર. વરદત્તનો એક નિયમ હતો કે ભગવાન મહાવીર સ્વામીનું સ્નાત્ર કરીને જ જમવું.

કર્મ ઉદયે એમને રક્તપિતનો રોગ થયો. ધીમે ધીમે વિકાર વધ્યો. તેઓ પૂજા કરતા હતા પણ અન્ય શ્રાવકોને એ ગમતું નહીં. ધીમે ધીમે વધુને વધુ લોકો કહેવા માંડ્યા કે વરદત્તે ભગવાનની પૂજા ન કરવી જોઇએ તેનાથી આસાતના થઇ રહી છે. લોકોએ વરદત્તને પૂજા ન કરવા સમજાવ્યો. વરદત્ત વિચાર કરે હવે હું શું કરું ? પૂજા ન કરું તો મારું વ્રત તુટે. પૂજા વગર મારાથી ભોજન લેવાય નહીં. આખરે એણે અનશન વૃત ધારણ કરી લીધું. નવ દિવસનાં ઉપવાસ થયા.

એ વખત આચાર્ય કકકસૂરિ ત્યાં પધાર્યા. લોકોએ વાત કરી ગુરૂએ રાત્રે સચ્ચાય માતાનું સ્મરણ કર્યું. દેવી પ્રગટ થયા. કહે આવતી કાલે તમે વરદત્ત ઉપર વાસક્ષેપ નાખજો તેનો રોગ દૂર થશે. બીજે દિવસે સૂરિએ વાસક્ષેપ નાખ્યો. વરદત્તનો રોગ ચાલ્યો ગયો. આમ દેવીએ શાસનનો જય જયકાર કરાવ્યો. વરદત્તે દીક્ષા ગ્રહણ કરી લીધી.

દેવીએ વરદાન આપેલ કે 'ઉપકેશ બહુલંદ્રવ્ય' આ ગચ્છનાં ઘણાં શ્રાવકો રાજવીઓનાં મંત્રી, સેનાપતિ, અમાત્ય આદિ પદે અને નાગરિકોમાં નગરશેઠ, પંચ અને ચૌધરી જેવા માનવર્ધક સન્માનનીય પદો પર પ્રતિષ્ઠિત હતા. દેવીની ગચ્છ ઉપર ખૂબ જ મહેર.

જ્યારે જ્યારે નવા નવા આચાર્યોની નીમણુંક કરવાની હોય ત્યારે આચાર્ય સચ્ચાય દેવીનું સ્મરણ કરતાં દેવી હાજર રહી કોનું આયુષ્ય કેટલું બાકી છે અને કોને આચાર્ય બનાવવો તે જણાવતી. પછી તે મુજબ આચાર્ય નવા સાધુને આચાર્ય પદ આપતા.

(૫) રાજસ્થાનના પ્રસિધ્ધ ઇતિહાસકાર અને જોધપુર રાજ્યના દિવાન, ઓસવાલ વંશીય મુહણોત નેણસી ૪૦૦ વરસ પહેલા થઇ ગયા. તેઓ દેવી સચિયા માતાનો એક ચમત્કારિક પ્રસંગ પોતાના પુસ્તક (વહી) મુહણોત નેણસીરી ખ્યાતમાં ટાંકે છે.

અગ્નિવંશના રાજપુતોની એક શાખા પરમાર થઇ. આ વંશમાં વીર વિક્રમ અને રાજા ભોજ તથા સિંધુરાજ થયા. સિંધુરાજને પુત્ર ધરણીવરાહ વિ.સં. ૧૦૩૦માં આબુની ગાદીએ આવ્યો. તેનાથી પાંચમી પેઢીએ છાહડરાય (છોડજી) થયો. તેનાં બે પુત્રો સોઢા અને વ્યાઘ્ર (વાઘ) થયા. આ વ્યાઘ્રને પડિહારો સાથે વાંધો થતા તેને ગૌચંદ (જયચંદ) પડિહારે મારી નાખ્યો. વાઘની પત્ની એ વખતે પ્રસુતા હતી. પડિહારોથી બચવા પોતાના પિયર જે ચૌહાણવંશીય હતું ત્યાં અજમેર ચાલી ગઇ. ત્યાં તેને વેરસિંહ (વેરસી) નામે પુત્ર થયો.

પરમાર વંશીય વેરસીના કુળદેવી ઓશિયા નિવાસી સચ્ચાય માતા હતા. બચપણથી વેરસી સચ્ચાય માતાનો અનન્ય ભક્ત હતો. 'રાજપૂતને ખટકે હૈયે વેર ઘણા' એ મુજબ નાનપણથીજ પોતાના પિતાને મારતલ પડિહારોને મારવાની જ્વાળા ભભક્તી હતી. રોજ સવાર સાંજ પ્રાર્થનામાં સચ્ચાય માતા પાસે પિતાનું વેર વાળી શકવાની પ્રાર્થના કરે છે. સમય જતાં યુવાન થયો. પોતાના મોસાળના ચૌહાણો સાથે લઇ બદલો લેવાની તૈયારી કરી. સહાય માટે માતાજીનાં ઉપવાસ કર્યા. ત્રીજે ઉપવાસે માતા પ્રસન્ન થયા. સ્વપ્નામાં આવી કહ્યું હું તારી ભક્તિથી પ્રસન્ન છું તને અવશ્ય સહાય કરીશ. માતાજીએ આજ્ઞા કરી, કહ્યું કાળા વસ્ત્ર પહેરી, માથે કાળી ટોપી ધરી આગળ વધજે. રસ્તામાં કાળા ગિલાફ (માફા) બાંધેલું ગાડું મળશે તેમાં કાળા બળદો જોડેલા હશે તેમજ ગાડા ચાલકે કાળા વસ્ત્રો ધારણ કરેલા હશે. ગાડા ઉપર બેઠેલ માનવી તને કહેશે આ માર્ગે ચાલતો નહિ પરંતુ તું તેને મારીને આગળ જજે અને પડિહારો પર ચઢાઇ કરજે તું સફળ થઇશ. વેરસી પિતાના વેરનો બદલો લેવા નીકળ્યો. નીકળતી વખતે સચ્ચાય માતાની માનતા માની કે જો પડિહારો પર વિજય પામું તો મા સચ્ચાય સમક્ષ કમળપૂજા કરીશ અને દેવીને ચરણે મારૂં મસ્તક ધરીશ.

બીજે દિવસે વેરસી થોડા સૈન્ય સાથે પડિહારોની રાજધાની મુંદનયાડ પર ચઢ્યો. ઘણાં પડિહારોને મારી વિજય મેળવ્યો અને બાપનાં મારતલને મારી બદલો લીધો.

પોતાની કુળદેવીથી કાર્ય સિધ્ધ થયું છે એમ માની પોતાની માનતા પુરી કરવા ઓશીયા દેવીનાં મંદિરે આવ્યો. માતાનાં મંદિરનાં દ્વાર બંધ કરી એકાંતમાં કમળ પૂજા કરવા તલવાર ઉઠાવી. દેવી પ્રગટ થતાં બોલ્યા હું તારી સેવાથી પ્રસન્ન છું મને તારું તારું મસ્તક મળી ગયું છે અને તારૂં મસ્તક તને પાછું સોપું છું. તેને બદલે સ્વર્ણનું મસ્તક બનાવી મને

ચઢાવજે. પછી માતાજીએ વેરસીને પોતાના એક હાથમાં રહેલો શંખ આપ્યો અને વગાડવાનું કહ્યું. શંખ વગાડવાથી તમે હવે સાંખલા તરીકે ઓળખાશો. ત્યાંથી પરમારોમાં સોઢા અને સાંખલા બે ઓળખ શરૂ થઇ.

વેરસીએ મુંધિયાડને સ્થાને નવો કિલ્લો (ગઢ) બનાવી તેનું નામ રૂણકોટ આપ્યું. વેરસીના પુત્ર રાજપાલને ત્રણ પુત્રો થયા – છોહિલ, મહીપાલ અને તેજપાલ થયા. છોહિલનાં વંશમાં આગળ જતાં સહસ્ત્રગણાં ગાંધી ગોત્ર શરૂ થયું. જેમાંથી આગળ જતા ઘણી પેટા શાખા ગાંધી મોતા, દંડ, ગડા, કરણિયા (કેનિયા), સંઘવી, ધુલ્લા જેવી ઓળખો નીકળી. થર પારકરનો સંજોગોવસાત ત્યાગ કરી ઓસવાળો સિંધ-કચ્છ મારવાડ અને ગુજરાત તરફ ગયા તેમાં ગાંધી, મોતા ગોત્રનાં આપણાં વડવાઓ પણ હતા.

વેરસીના અન્ય પુત્ર મહિપાલનો પુત્ર રાયસી રૂણકોટ છોડી જાંગલ પ્રદેશ (હાલનું બિકાનેર વિભાગ)માં રહ્યો અને તેના વંશજ જાંગડવા તરીકે ઓળખાયા. આ જાંગડવા સાંખલામાં હરભુજી સાંખલા થયા જે રાજસ્થાનનાં પાંચ પીરમાંથી એક પીર તરીકે પુજાય છે. હરભુજી શકુનનાં જાણકાર, વચન સિધ્ધ, યોગ સાધક તથા ચમત્કારિક પુરૂષ હતા. સમય જતા તેઓ ફલૌંધી (રણુજા રામદેવરાની બાજુમાં) આવી વસ્યા.

**– ક્રમશઃ**

**માનદ્ પ્રતિનિધિ નીમવા છે**

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

સંપર્ક : હીરાચંદ દંડ – **7738508150**,
ઉદયન શાહ – **8779647886**,
ઇમેલ : **kdoprakash@gmail.com**

**પ્રકાશ સમીક્ષાના પ્રતિનીધીઓ**

**મહેશભાઇ જવેરચંદ લોડાયા** – વારાપધર, ગાંધીધામ
મો. **99043 53381 / 79908 23606**
**શશીકાંત કુલિનકાંત લોડાયા** – કોચીન
મો. **93874 41909 / 88938 41909**
**હેમાંગ શાહ** – મુલુંડ, મો.: **09920646846**
**ગુલાબચંદ હિરજી છેડા** – જશાપર-સૂરત
મો.: **099985 56567**
**કિશોર કાનજી ધુલ્લા** – વડોદરા
મો.: **080001 27252**


**''બિપીન નાગડા''**
**''બસ નામ જ કાફી છે''**

**લોકોના જનમાનસ પર ઇન્સ્યુરન્સ (વીમા) અંગે મુંઝવણ હોય અથવા તે અંગેની સમજણ જોઇતી હોય**

**નામ એકજ શ્રી બિપીન નાગડા**

**વીમા ક્ષેત્રે ભિવંડીમાં ૪૫ વર્ષ થી સફળતમ રહ્યા બાદ આગામી ઓક્ટોબર મહિનામાં અત્યઆધુનિક નવી ઓફિસનું મુલુંડ (વેસ્ટ) ખાતે શુભારંભ થશે જેની નોંધ લેશોજી.**

**સ્વબળે કમાવવાની સોનેરી તક**

**વીમા એજન્ટ હોય કે ના હોય તેવા દરેક યુવક – યુવતી, સ્ત્રી – પુરૂષ જેમને માર્કેટિંગ કરીને મહિને પોતાની આગવી ઓખળ ઉભી કરીને સ્વબળે મહિને ૩૦ હજારથી ૩ લાખ સુધી કમાવવાની તક ઝડપવી હોય તો તેઓ અમારો સંપર્ક જરૂરથી કરજો, આપશ્રીને ટ્રેનિંગ આપી માર્કેટિંગ કરવાની તક મળશે.**

અથવા

**આપશ્રી આપના એરિયાના ૧૦ કે ૧૫ લોકો સાથે મળીને અથવા ગ્રુપમાં પણ વીમા ક્ષેત્રે કારકિર્દી બનાવી શકો છો. અમારો સંપર્ક કરી શકશો, સમુહમાં રસ ધરાવતા હો અને આપના કાર્યસ્થળે બોલાવશો તો પણ તેમને ટ્રેનિંગ આપી માર્કેટિંગ કરવાની તક મળશે.**

**નોંધ :**
એકવાર અવશ્ય ફોન કરશો, સફળ થવાનો લાભ ચુકતા નહિ.

સંપર્ક : **બિપીન પાર્શ્વીર નાગડા** (રંગપુર – મુલુંડ)
મો. **93235 25000**

**વીમા ક્ષેત્રે ૪૫ વર્ષથી ભારતના અગ્રગણ્ય વીમા એજન્ટ**

# સગપણ થતાં જ નથી તેનું શું ?




જ્યાં સુધી જ્ઞાતિમાં એના શુભચિંતકો અને સેવાભાવી કાર્યકરોનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી જ્ઞાતિનો વિકાસ થતો રહેશે. હાલમાં પ્રકાશ સમિક્ષામાં 'સગપણો તૂટી રહ્યા છે' (સગપણ વિચ્છેદ), 'વસ્તી ઘટી રહી છે' એવી ફરિયાદો વાંચવામાં આવી રહી છે. પણ આપણા કેટલાક ઉંમર લાયક યુવકોનાં વેળાસર કે જિંદગીભર સગપણ-લગ્ન થતાં જ નથી એવી કોઇ ફરિયાદ વાંચવામાં નથી આવી. આપણા દિલને દુઃખ થતાં જ નથી એવી કોઇ ફરિયાદ વાંચવામાં નથી આવી. આપણા દિલને દુઃખ પહોંચાડે એવો દાખલો રજુ કરીશ.

વર્ષો પહેલાં વિખૂટા પડેલા, કર્ણાટકના એક શહેરમાં રહેતા મારા દોસ્ત (સાથે ગામાઇ)ના હાલચાલ જાણવાની ઇચ્છા થઇ. રવિવારે ફોન જોડ્યો. તેના દીકરાએ ફોન ઉપાડ્યો. વાતચીત કરી. જાણવા મળ્યું કે એના પિતાજી (મારા દોસ્ત) બીમાર છે. પથારી પર પડ્યા રહે છે. સાંભળી શકતા નથી એટલે ફોન ઉપાડતા નથી. એ શહેરમાં આપણી જ્ઞાતિના ત્રણ-ચાર ઘર જ છે. મારા દોસ્તે આ અગાઉ દીકરાના સગપણા માટે ઘણી દોડાદોડી કરી હતી. પણ કોઇ છોકરી આપવા તૈયાર થતું ન હતું. મારા દોસ્તનો દીકરો ત્રીસની ઉંમર તો ક્યારનો પાર કરી ચૂક્યો હતો. નોકરી કરવી બાપુજીની સેવા કરવી, ચા-પાણી તેમજ ટિફિનની વ્યવસ્થા કરવી, આ બધું તે (દોસ્તનો દીકરો) કેવી રીતે કરતો હશે એવો પ્રશ્ન મનમાં ઉદ્ભવ્યો. દેશાવરમાં રહેતા, આપણા જ્ઞાતિજનો માટે આ વિકટ પ્રશ્ન છે. પણ મને તો એવું લાગે છે કે સમગ્ર જ્ઞાતિમાં સગપણનો પ્રશ્ન ભારે વિકટ રૂપ ધારણ કરી રહ્યો છે. (ઉપરના કિસ્સામાં મારા દોસ્તનાં ધર્મપત્ની ગુજરી ગયા હતો તે સહેજ)

આવી પરિસ્થિતિમાં છેવટે નિરાશ થઇને આપણા અમુક યુવકો આશ્રમમાંથી કે અન્ય (નબળી) જ્ઞાતિમાંથી યુવતીઓની પસંદગી ન કરે તો શું કરે ? જ્યારે આપણી જ્ઞાતિની ઉચ્ચ કેલિબરવાળી (બુધ્ધિશાળી) અને સૌંદર્યવાન દીકરીઓ અન્ય જ્ઞાતિઓમાં પરણી જાય છે. આવું કેમ થાય છે તેના કારણોમાં ઊંડે જવાની કોઇએ કોશિશ કરી ? ક્યાં ગયો આપણો 'જ્ઞાતિ પ્રેમ' ?

આપણી વસ્તી ઘટી કેમ રહી છે. એવો પ્રશ્ન એક લેખકે ઉઠાવ્યો છે. જવાબ એ જ કે આપણી વસતી પહેલેથી જ ઘટેલી (ઓછી) છે. હાલની વસ્તી ત્રીસ-બત્રીસ હજાર સુધી એટલે પહોંચી કે આપણા દીર્ઘદષ્ટા પૂર્વજોએ 'કરાડ'નામની એક હિન્દુ વૈષ્ણવ જ્ઞાતિના ૬૫ થી ૭૦ કુટુંબોને (આજથી બસો વર્ષ પહેલાં આપણી જ્ઞાતિમાં સમાવિષ્ટ કર્યા, અન્યથા આપણી જ્ઞાતિની વસ્તી અડધે (પંદર હજારે) માંડ પહોંચી હોત !

આ બાજુએ હિન્દુ કુટુંબોને આવકાર્યા, તો બીજી બાજુએ ઘરઘેણું (વિધવા, પુનર્લગ્ન) કરનારા જ્ઞાતિ ભાઇઓને જ્ઞાતિ બહાર ધકેલ્યા (બહિષ્કાર કર્યો). આ તે કેવી સોચ ? પછી વસ્તી વધે કે ઘટે ? તે સમયે જ્ઞાતિમાં 'કન્યાવિક્રય'ની પ્રથા હતી. વરપક્ષ તરફથી પાંચ થી સાત હજાર કોરી રોકડી મળે તો જ કન્યાના મા-બાપ લગ્ન કરાવી આપે એવો ભયંકર રિવાજ પ્રચલિત હતો. મા-બાપના ત્રણ-ચાર (કે વધુ) દીકરાઓમાંથી માંડ એકાદ-બે પરણી શકતા બાકી બીજા વાંઢા રહી જતા હતા, 'આડોણિયા' લગ્નોમાં ખર્ચો બચી જતો. બે કુટુંબના દીકરા-દીકરીઓની આમને-સામને લગ્ન થઇ જતાં.

થોડા સમય પહેલાં અઠ્ઠાણું વર્ષની ઉંમરે ગુજરી ગયેલા આપણી જ્ઞાતિના એક ભટ્ટજીનું કહેવું છે કે વિધવા પુનર્લગ્ન કરનારાઓને વીસા જ્ઞાતિએ જ્ઞાતિ બહાર ધકેલ્યા. તેઓ આપણી જ્ઞાતિમાં જોડ્યા. એમની સોળ કરતાં પણ વધુ અટકોનો મેં એક લેખમાં ઉલ્લેખ કર્યો છે. છેડા, ભેદા, ગાલા, સોની, ગોસર, મોતા વગેરે અટકો બંને જ્ઞાતિઓમાં એક સરખી જોવા મળે છે.

વીસા ઓસવાળ જ્ઞાતિની વસ્તી અંદાજે દોઢ લાખની છે. આમાં ફક્ત અબડાસા અને કંઠી પટનો જ સમાવેશ થાય છે, વાગડનો નહિ. વળી હાલારી વીસા ઓસવાળનું અલગ સંગઠન છે. મુંબઇ સમાચરની મરણ નોંધ જોવાથી આ વાતની ખાતરી થશે. આપણે જો હાલારી દશા ઓસવાળની વસ્તીની બાદબાકી કરીએ તો આપણી વસ્તી માંડ પચ્ચીસ હજારની જ રહે. મારૂ એવું માનવું છે કે જો ઘરઘેણા (વિધવા પુનર્લગ્ન) ની છૂટ આપી દેવામાં આવી હોત તો આપણી વસ્તી એંશી હજાર કે એક લાખ સુધી પહોંચી ગઇ હોત. પણ 'અબ પછતાએ હોત ક્યા ? ભૂ.પૂ. નાની નાતને મૂળ જ્ઞાતિમાં સમાવીને આપણે ભૂતકાળમાં થયેલી ભૂલને સુધારવાની કોશિશ કરી છે. બાકી કેટલા બાળકો પેદા કરવા એ વ્યક્તિગત પ્રશ્ન છે. સમાજ એમાં દખલ ન કરી શકે. **– શામજી પદમશી છેડા,** ગાંધીધામ,

|| જય ચકેશ્વરી માતા || || નમો નમ: શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમ: || || જય પદ્માવતી માતા ||

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગર-કવિન્દ્રસૂરીભ્યો નમ:

# શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

## રંગપુર ગામે પર્યુષણ પર્વ

પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો, જય જિનેન્દ્ર!

દર વર્ષની જેમ આ વર્ષે પણ રંગપુર તીર્થે પર્યુષણ પર્વ ખૂબજ ધામધુમથી ઉજવવાનું નક્કી કરેલ છે. સર્વે ગામવાસી તથા નિયાણી દિકરીઓને સહકુટુંબ પધારવા આગ્રહભરી વિનંતી છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ઉજવણી માદરે વતન **રંગપુરમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં શ્રાવણ વદ ૧૩ને મંગળવાર, તા. ૨૭-૦૮-૨૦૧૯ થી ભાદરવા સુદ ૬ ને બુધવાર, તા. ૦૪-૦૯-૨૦૧૯ દરમિયાન ઉજવવામાં આવશે.** (સંઘના રસોડે રોજ સવારની નવકારશી, બપોરનું ભોજન, સાંજે ચોવિહારની વ્યવસ્થા **તા. ૨૬-૮-૨૦૧૯ બપોર થી તા. ૦૪-૦૯-૨૦૧૯ બપોર** સુધી કરવામાં આવશે.) ભોજનશાળા કાયમી ચાલુ છે.

આ પર્યુષણ મહોત્સવને સફળ બનાવવા **એક દિવસનો નકરો રૂા. ૧૧,૦૦૦/-, સવારની નવકારશી રૂા. ૩,૦૦૦/-, બપોરનું ભોજન રૂા. ૫,૦૦૦/-, બપોરના ચા-પાણી રૂા. ૧,૦૦૦/- અને ચૌવિહાર રૂા. ૩,૦૦૦/-** એમ નક્કી કરેલ છે. વ્યાખ્યાન બાદ પ્રભાવના નો નકરો રૂા. ૨,૦૦૦/- તથા વાર્ષિક જીવદયા નકરો રૂા. ૬,૦૦૦/- વહેલો તે પહેલાના ધોરણે દાતાશ્રી આવકાર્ય. નામો **ટ્રસ્ટી શ્રી અશોક લાલજી લાલકા - ૯૩૨૩૨ ૫૨૦૫૩ / ગુલાબચંદ ત્રિકમજી નાગડા - ૯૭૨૩૮ ૧૧૫૭૭ / કાંતીલાલ માણેકજી નાગડા - ૯૯૨૦૨૪૦૧૧૬ / ચેતન દામજી નાગડા - ૯૮૨૦૨૪૭૨૪૨** ને લખાવવા વિનંતી.

પર્યુષણ દરમ્યાન વાંચન માટે આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી બૈ બહેનો આરાધના કરાવવા પધારશે. તો ચાલો સૌ ગામવાસીઓ તથા નિયાણી દિકરીઓ સાથે મળી પર્યુષણ મહાપર્વની આરાધના ધામધૂમથી રંગપુર ગામે ઉજવીએ.

**નોંધ: ભોજનશાળામાં ફોટા આવકાર્ય છે ૧ ફોટાના નકરો રૂા. ૧૦,૦૦૦/-, ભોજનશાળા કાયમી નિભાવ ફંડમાં ૨૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનારનું નામ ભોજનશાળામાં તક્તી ઉપર કંડારવામાં આવશે.**

**વધુ વિગત માટે સંપર્ક: નીતીનભાઈ ધરમશી - મો. ૯૮૯૨૯ ૫૦૮૧૪ / ૯૦૮૨૭ ૫૮૫૦૮**

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ**

UPASANA - 9820167767

*With Best Compliments from*

# BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH

**PARSHWANATH**
ENTERPRISE PVT. LTD.

**99309 82061 / 91672 44022**

tilakshah60@yahoo.co.in

Veeran Shah - 99304 75442

CONTACT FOR

**Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.**

AVANI YASHWIN

**HAPPY IN THE HEAD STUDIO**
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP

**98196 22325**

happyintheheadstudio@gmail.com

ADDRESS

**Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050**

## સિક્કાની બીજી બાજુ

પાંચમી જૂનના અંકમાં પ્રકાશિત થયેલો શ્રી પ્રવીણભાઇ લોડાયાનો ‘કેડીઓની મધર ટેરેસા’ લેખ બહુ સુંદર છે. પરજ્ઞાતિમાંથી આવેલી યુવતી સીમાની સેવા પરાયણતાને લેખકે યોગ્ય રીતે બિરદાવી છે. પરંતુ એમ વિચાર આવ્યા વિના રહેતો નથી કે આપણી પોતાની જ્ઞાતિની સ્ત્રીઓની અનેક પેઢીઓએ કુટુંબને ઉત્તમ સેવા આપી છે. ગરમ ભોજન જેવી પાયાની સગવડો આપવા ઉપરાંત માંદાં કુટુંબીજનોની સેવા કરી છે, દિવસો સુધી રોકાનારા મહેમાનોની આગતા-સ્વાગતા કરી છે (જેમાં મોટા ભાગના શ્વસુર પક્ષના રહેતા, કેમકે વહુના સગાવહાલાંની વધુ અવર-જવર કોઇને ગમતી નહીં). આ બધુ કરવા માટે ક્યારેય કોઇએ એ સ્ત્રીઓ માટે પ્રશંસાના પુલ બાંધ્યા ? વહુએ આ બધુ તો કરવાનું જ હોય એવી માન્યતાને લીધે એમની એવા સાહજિકતાથી સ્વીકારાતી. ત્યારે પ્રવીણભાઇ જેવા કોઇ લેખકે એમને વ્યક્તિગતરૂપે અભિનંદન આપ્યા હોત તો એ સ્ત્રીઓને કેટલો આનંદ થાત.

આજે સ્ત્રીને પોતાનું શું જોઇએ છે તે બાબતમાં તે સ્પષ્ટ છે અને જીવન પોતાની રીતે જીવવા ઇચ્છે છે. જ્યાં ઘરનાં લોકો એની માંગ સમજીને સહકાર આપે છે અને સ્ત્રી પણ ઘરના સભ્યોની જરૂરિયાતો પ્રેમથી સાચવે છે ત્યાં સુમેળ ટકી રહે છે. અલગ રહેવાનો રસ્તો બહુ સહેલો છે. જીવનનો પડકાર ઉપાડી લઇને સૌને સાચવતાં જીવવાનો માર્ગ જેઓ અપનાવે છે તેમની પ્રશંસા થવી ઘટે. ઓપ્રાહ વિન્ફ્રેએ વર્ષો સુધી અને હજારો માણસો સાથે વાતો કર્યા પછી એક તારણ કાઢ્યું છે કે દરેક માણસને જોઇએ છે કે પોતાની કીમત થાય. રોટી, કપડાં, મકાન પછી આ આપણી મુખ્ય ભાવનાત્મક જરૂરિયાત છે. આપણે વિચારવું જોઇએ કે વહુ હોય કે સાસુ કે અન્ય કુટુંબીજન, આપણા કુટુંબની વ્યક્તિઓની આ પાયાની જરૂરિયાત આપણે પૂરી કરી શકીએ છીએ, એમની કદર, પ્રશંસા કરીએ છીએ કે એમાં ઊણા ઉતરીયે છીએ ??

પશ્ચિમમાં કૌટુંબિક ફરજોનું દબાણ બહુ ઓછું છે તેથી પરિસ્થિતિ એકદમ સામે છેડે છે. હૉલેન્ડમાં દર વર્ષે સમાજમાં પોતાનું યોગદાન આપનારી વ્યક્તિઓનું ત્યાંની રાણી તરફથી સન્માન કરવામાં આવે છે. આવા એક સમારંભમાં ઉપસ્થિત રહેવાનો મને મોકો મળ્યો હતો. આધેડ વયનાં એક સન્નારીનું સન્માન કરવામાં આવ્યું. તેઓ ઘણાં વર્ષોથી વૃધ્ધાશ્રમમાં સ્વૈચ્છિક સેવા આપી રહ્યાં હતાં તે એક મુખ્ય કારણ હતું ને તે ઉપરાંત તેમણે જીવનભર કરેલી બીજી સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો જેમાં એમના પતિ તરફથી અપાયેલું એક પ્રમાણપત્ર પણ હતું. એમના પતિએ લોકોને જણાવ્યું હતું કે એમની પોતાની માતા દરરોજ સાંજે એમના ઘરે આવતી ત્યારે એમની પત્ની માતાને જમાડતી. હૉલેન્ડમાં લગ્ન પછી માતા-પિતા સાથે રહેવાનો રિવાજ નથી. આ સજ્જનની માતા એકલી રહેતી અને રોજ સાંજે દીકરાના ઘરે જતી ત્યારે એમની પત્ની એને જમાડતી. પોતાની માતાને અમુક વર્ષો સુધી દિવસમાં એક વાર જમાડવા માટે તેમણે પત્નીને જાહેરમાં બિરદાવી હતી. મારા ભારતીય મનમાં વિચાર આવ્યો, પોતાના વરની માને જમાડવામાં એવું તે ક્યું મોટું કામ કર્યું છે ? એના માટે સર્ટિફિકેટ આપવામાં આવે તો આપણે ત્યાં ઘરે ઘરે આવાં સર્ટિફિકેટ લટકતાં જોવા મળે ! મને જરા હસવું આવ્યું.

બીજી જ ક્ષણે વાસ્તવિકતા જાણે મારી પર વજ્રપાતની જેમ ત્રાટકી. જોયું છે આવું સર્ટિફિકેટ કોઇના ઘરે ? આવું સર્ટિફિકેટ મળવાનું તો દૂર રહ્યું, આપણે ત્યાં કેટલા પુરૂષોને પોતાનાં માતા-પિતાની સાથે રહીને એમની કાળજી લેવા બદલ પોતાની પત્નીનો આભાર માન્યો હશે ? સમાજ કે કુટુંબમાં કંઇ સારૂં બની રહ્યું હોય એની નોંધ નહીં લેવાય તો સમય બદલાતાં વાર નહીં લાગે. આવેલા ફેરફારો આપણી મરજી મુજબના નહીં હોય.

– **ચંદ્રિકા લોડાયા**, પુના, 9890177099


**METRIMONIAL**

Mumbai based, Smart, Handsome Boy, MBA, 33 yrs, Height 5'-10", Wt. 60 Kgs. Having good package, Looking for suitable match.

**Contact : 97694 29432**

**E-mail : suryanagda1@gmail.com**



રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

ESTD. 1984

GB 10A & 10B, Karma Stambh, Opp. Kailash Commercial Complex, L.B.S. Marg, Vikhroli (W),
Mumbai - 400 083. Phone: 2579 9326 / 96198 46622 Fax: 2579 9323 E-mail: acblho@arihantbank.com

**ભાઈઓ તથા બહેનો,**

બદલાતા વિશ્વની વ્યવસ્થામાં ટેક્નોલોજીનું મહત્વ વધી રહ્યું છે. દૂર સંચાર માધ્યમોને લીધે વ્યક્તિઓ-સ્થળો વચ્ચે નીકટતા વર્તાય છે તેવીજ રીતે આર્થિક વ્યવહારો માટે પણ અનેક સુવિધાઓ ઉભી થઇ છે. બેંકો પણ ડીજીટલ ક્રાંતિના કારણે આધુનિક સેવાઓ આપી રહી છે. શ્રી અરિહંત કો.ઓ. બેંક લિમિટેડ પણ તંત્ર વિજ્ઞાનના યુગ સાથે ચાલવા, આપના માટે નેટ બેંકિંગની સુવિધા શરૂ કરવા આતુર છે જે બેંકિંગને સરળ તથા ઝડપી બનાવવા ખૂબજ આવશ્યક છે.

રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા ભારતની બેંકિંગ વ્યવસ્થાનું નિયમન કરે છે. કોઇપણ બેંકને નેટ બેંકિંગ સુવિધા શરૂ કરવા માટે રિઝર્વ બેંકના નિયમોનુસાર બેંકની નેટ વર્થ રૂા. ૫૦ કરોડ હોવી જરૂરી છે. એટલે કે જે બેંકનું ભંડોળ રૂા. ૫૦ કરોડથી ઓછું હોય તે બેંક નેટ બેંકીગ સુવિધા શરૂ ન કરી શકે.

ઉપરોક્ત બાબત અંગે જણાવીએ કે અત્યારે આપણી શ્રી અરિહંત કો.ઓ. બેંક લી.ની નેટ વર્થ રૂા. ૨૭ કરોડ જેટલી છે. એટલે જો આપણી બેંકને નેટ બેંકીંગ સેવા શરૂ કરવી હોય તો બેંકની નેટ વર્થમાં રૂા. ૨૩ કરોડનો ઉમેરો કરી નેટ વર્થ રૂા. ૫૦ કરોડ કરવી જરૂરી છે.

નેટ વર્થમાં વધારો કરી એને રૂા. ૫૦ કરોડ સુધી લઇ જવા માટે અમે આપ સૌને બેંકના શેર્સ ખરીદી કરી બેંકના શેર હોલ્ડર્સ બનવા નિવેદન કરીએ છીએ. બેંકના કુલ્લ શેર ધારકો લગભગ ૩૭૦૦ શેરધારકો પાસે ૪૦થી ઓછા શેર્સ છે. નિયમ મુજબ દરેક શેર હોલ્ડર્સ પાસે ઓછામાં ઓછા ૪૦ શેર્સ હોવા જરૂરી છે એટલે આવા શેરધારકોને શેર્સ ખરીદવા ખાસ વિનંતી છે. તમો અગાઉથી જ બેંકના શેર હોલ્ડર્સ છો તો વધુ શેર્સ ખરીદીને બેંકની નેટ વર્થમાં વૃધ્ધિ કરવા વિનંતી કરીએ છીએ. આપણા સૌના સહિયારા પ્રયાસોથી બેંકની નેટ વર્થ વધશે તો બેંકને નેટ બેંકીંગ સેવા શરૂ કરવા જરૂરી પરમિશન મળી શકશે.

આધુનિક બેંકિંગ વ્યવસ્થામાં નેટ બેંકિંગ સુવિધાનું હોવું ખૂબજ જરૂરી છે. 'પાંજી' શ્રી અરિહંત કો.ઓ. બેંક આ સુવિધા શરૂ કરી શકે એ માટે જરૂરી રૂા. ૫૦ કરોડના ભંડોળના લક્ષ્યને તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધીમાં પરિપૂર્ણ કરવા અમે સૌ સંચાલકો આપ સૌને નિવેદન કરીએ છીએ. આપના સૌના સંનિષ્ઠ પ્રયત્નોથી આપણી બેંક વધુ અદ્યતન સેવા-સુવિધાથી સજ્જ થશે જે આપણા માટે જ વધુ ઉપયોગી બની રહેશે.

રૂા. ૨૭ કરોડનું ભંડોળ ધરાવતી આપણી બેંકને નેટ બેંકિંગ શરૂ કરવા રૂા. ૫૦ કરોડના ભંડોળની આવશ્યકતા છે એટલે રૂા. ૨૩ કરોડનું વધારાનું ભંડોળ એકત્રિત કરવાના અમારા પ્રયાસમાં સહભાગી થવા વિનમ્ર વિનંતી. આ અંગેની વધુ માહિતી મેળવવા બેંકના ડીરેક્ટર્સનો સંપર્ક કરી શકો છો. આપણી બેંકના વિકાસમાં સહભાગી થવા ભાવભર્યું નિમંત્રણ.

લિ.
**સંચાલક મંડળ**

**ચેરમેન**

CA હિરાચંદ દામજી દંડ
+91 7738508150

**વાઈસ ચેરમેન**

મુકેશ દામજી મૈશેરી
+91 98204 22291

**ડાયરેક્ટર્સ**

ગુલાબ ડુંગરશી ધરમશી
+91 96197 11550

CA જલ્પા ઉતીન લોડાયા
+91 98676 15913

એડ. મનિષા મણિકાંત પોલડીયા
+91 98199 91226

યશોધન રાયચંદ કારાણી
+91 98211 37737

હંસકુમાર લક્ષ્મીચંદ છેડા
+91 98211 65961

કિરણકુમાર નારાણજી મોમાયા
+91 79-77100362

જય હરીશ ડાઘા
+91 99302 89229

ડૉલર પ્રતાપ શાહ (લોડાયા)
+91 98335 31995

કિશોર ગોવિંદજી કાયાણી (ખોના)
+91 98691 43799

રતીલાલ શામજી શાહ (મોમાયા)
+91 98191 97332

CA મણિકાંત વિશનજી નાગડા : +91 98201 10588

**(સી.ઈ.ઓ.)**

કિરણ લાલજી પટેલ : +91 88881 26600

## સાંયરા (કચ્છ) મધ્યે લોડાયા કુળના શ્રી સચ્ચાઈ માતાજી તથા સખત માતાજી ને નમતા ભાવિકો જોગ

સાંયરા કચ્છ ગામમાં બિરાજમાન **સખત માતાજી**ના ભુવા **નિમવા તા. ૧૦/૧૧/૨૦૧૯ રવિવાર** કારતક સુદ ૧૩ થી **તા.૧૨/૧૧/૨૦૧૯ મંગળવાર** કારતક સુદ ૧૫ (પુનમ) સુધી સાંયરા ગામમાં રાખવામાં આવેલ છે. અને છેલ્લે દિવસે સમુહ પહેડીનો પ્રોગ્રામ રાખેલ છે. આ પ્રસંગે સાંયરા ગામમાં પધારવા સર્વે ભાવિકોને નમ્ર વિનંતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં આવવા ઇચ્છુક ભાવિકોએ પોત-પોતાની રીતે ટીકીટો સમયસર કઢાવીને સમયસર સાંયરા ગામ પધારવા નમ્ર વિનંતી.

**સંપર્ક :**

**મણિલાલભાઇ લોડાયા**
**શાંતિલાલભાઇ લોડાયા**
**93240 11105**



**જવેરચંદભાઇ લોડાયા**
**દિપકભાઇ લોડાયા**
**98208 21388**




**રિદ્ધી સિદ્ધી ગોલ્ડ મુલુંડમાં**

**૯૧.૬૦ હોલમાર્કના સોના તથા હીરાના દાગીના**

**ઘડામણી પર**



**51% Discount સુધી છૂટ**

**સોનાના ભાવ વધવાની શક્યતાને ધ્યાનમાં રાખી સોનામાં રોકાણ કરવું એ જ સાચી સમજદારી છે.**



Precious Moments
Unique Designs
upto 51% off
on Labour Charges

**આપના બજેટ અનુસાર પસંદગી માટે વિશાળ ફલક**

Riddhi Siddhi Gold

**રાજેશ સાવલા (કોડાય)**
**૯૮૨૦૭ ૭૩૫૮૨**
**ધવલ સાવલા (કોડાય)**
**૯૬૬૪૬ ૬૭૭૭૯**

૭, એકનાથ એપાર્ટમેન્ટ, એમ. જી. રોડ,
કીર્તીમિહલ હૉટેલની સામે, મુલુંડ (વેસ્ટ)
**2561 7799 / 2562 7799**
(ગુરૂવારે દુકાન બંધ રહેશે.)

## આરોગ્ય પ્રકાશ : ચાલો સહેલાઈથી આરોગ્ય જાળવીએ..... (૧)

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**ખુશ રહકર ગુજારો તો મસ્ત હૈ જીંદગી;**
**દુઃખી રહકર ગુજારો તો ત્રસ્ત હૈ જીંદગી.**

આપણે ખુશ ક્યારે રહીએ ? જીંદગી મસ્ત ત્યારે હોય જ્યારે શરીરમાં પીડા ન હોય, શારીરિક તકલીફ ન હોય, કોઇ બિમારી ન હોય ત્યારેજ આપણે ખુશ રહી શકીએ. જીંદગી મસ્ત લાગે, નહીં તો પીડાને લીધે દુઃખી હોઇએ અને જીંદગી ત્રસ્ત લાગે. આપણે આપણું આરોગ્ય જાળવવું હોય તો આરોગ્યના સામાન્ય નિયમ પાળવા જોઇએ, આરોગ્યના પાયાના નિયમ જાણવા જોઇએ. દુઃખ સાથે લખવું પડે છે કે મોટા ભાગના આપણે સૌ પેસા, કમાઇ, ધંધા, મોબાઇલ, મોટરગાડીઓ, ક્યાં ચટાકેદાર ખાવાનું મળે છે જેવી બાબતો વિશે જેટલો રસ અને માહિતી ધરાવીએ છીએ એટલો આરોગ્ય વિશે રસ નથી અને રસ નથી એટલે માહિતી પણ નથી હોતી. મોટી બિમારીઓની પાયાની વાતો તો જવા ધ્યો પણ સામાન્ય બિમારી વિશે, પોતાની દવાઓ વિશે ઘણાં ને માહિતી નથી હોતી. દર્દીને પૂછીયે કે ''તમારી દવાનું નામ શું છે ?'' દર્દી ત્યારે દવાનું નામ જાણતો હોતો નથી. દર્દીને પોતાની ગોળીનું નામ તથા તેના પાવર (મીલીગ્રામ)ની જાણ હોવી જરૂરી છે. બી.પી.ના દર્દીને સાધારણ રીતે પોતાનું બી.પી. કેટલું રહે છે તે જાણ હોવી ખૂબજ જરૂરી છે. વધુ બી.પી. કે વધુ ડાયાબીટીઝ હોય તેનું શરીર ધીરે ધીરે તેનાથી ટેવાઇ જાય છે અને તેથી દર્દીને કોઇ તકલીફ જણાતી નથી અને તે વિચારે છે કે હવે ગોળીની જરૂર નથી, હવે સારૂં લાગે છે અને ડૉક્ટરની સલાહ લીધા વગર ગોળી બંધ કરે છે અને ગોળી બંધ કર્યા પછી તે ગંભીર બિમારીનો ભોગ બને છે.

આપણે આરોગ્ય સારૂં જાળવવું હોય તો ચાર ચીજો મહત્વની છે. આહાર, વિહાર, આચાર અને વિચાર. આહારમાં આપણે શું અને કેટલા પ્રમાણમાં ખાઇએ છીએ, કેટલુ પાચન થાય છે, કેટલું આંતરડામાં શોષાય છે તે મહત્વનું છે. આપણે જે અન્ન ખાઇએ છીએ તે બરાબર પચતું નથી ત્યારે જ મોટા ભાગની બિમારીઓ થાય છે આપણે પૌષ્ટીક અન્ન કે માલ-મલીદા ખાઇએ પણ તે પચે નહીં તો ફાયદાને બદલે નુકશાન થાય છે. સખત મજુરી કરનાર સૂકો રોટલો/રોટલી, મરચાં, કાંદો ખાઇને પણ મોટે ભાગે તંદુરૂસ્ત હોય છે. એમને હાય બી.પી. કોલેસ્ટ્રોલ, ડાયાબીટીઝ, સંધીવાત જેવી મોટી બિમારી હોતી નથી. કદાચ અશક્તિ, અપોષણ જેવી નાની બિમારી હોય. તેઓ શારીરિક શ્રમ એટલો કરે છે કે એને કકડીને ભૂખ લાગે છે અને જે ખાય તે પચી જાય છે અને શરીરમાં તેનું શોષણ બરાબર થાય છે. સો વર્ષ નિરોગી જીવવું હોય તો ભૂખ ભાગે ત્યારે જ જમવું જોઇએ. આપણે ઘણીવાર ભૂખ ન લાગી હોય પહેલાનું પચ્યું ન હોય તોયે ખાઇએ છીએ અને તેથી જ બિમારીના ભોગ બનીએ છીએ. પેટ (જઠર)માં પ્રવાહી ૪૫ મિનિટ રહે અને ઘન ખોરાક ૪ કલાક રહે, તળેલું કે ભારે અન્ન જઠરમાં ૫ થી ૭ કલાક રહે. ભૂખ ન લાગતી હોય તેમણે તો આ ગાળા બાદ જ ખાવું આરોગ્યદાયી છે. જેમની પિત્ત પ્રકૃત્તિ હોય તેમનું જઠર સહેજ વહેલું ખાલી થાય છે અને તેમને ભૂખનો અહેસાસ થાય છે. ભૂખ લાગવા માટે બેઠાડુ જીવન ત્યજી, ચાલીએ, કસરત કરીએ, બહારના કામ કરીએ.

જમવાના ૧૫ મિનિટ પહેલા આદુની કતરણમાં લીંબુ અને સહેજ સિંધવ નમક નાખીને લઇએ. (હાય બી.પી., હાર્ટની બિમારીવાળાએ દિવસમાં ૧ ચમચી – ૫ ગ્રામથી વધુ મીઠું ન લેવું આમ પણ વધુ મીઠું નુકશાનકારક છે.) જમ્યા પછી ૧ ચમચી સૂંઠ લઇએ. ઠંડુ પાણી, ઠંડા પીણા ત્યજીએ. આર્યુવેદ કહે છે કે 'પેટ સાફ એને બધું માફ' એરંડભ્રસ્ટ હરડે રોજ ૧ ચમચી લઇ પેટ સાફ રાખવાથી ઘણી બિમારીઓથી બચી જઇએ.

પેટના ૪ ભાગ સમજી ૨ ભાગ અન્નથી, ૧ ભાગ પાણીથી અને ૪થો ભાગ હવાથી એટલે કે ખાલી રાખવો. ઠાંસો ઠાંસ ક્યારેય ન જમવું. જેની ઓછી ખોરાકી હોય તે વધુ જીવે છે, જલ્દી વૃધ્ધ થતો નથી. આખું વર્ષ ઉણોદરી આરોગ્ય માટે બહુ ફાયદાકારી છે. મન અને જીભ પર કાબુ રાખવાથી આરોગ્ય અને ધર્મ બન્ને સારી રીતે સચવાય છે. તાજી, ગરમાગરમ ઘરની રસોઇ બેસીને શાંત ચિતે ખૂબ ચાવી ચાવીને ખાવ. કાર્બોદિત પદાર્થ, પ્રોટીન, ચરબી, વિટામીન્સ, ખનીજો અને પાણી બધુ યોગ્ય પ્રમાણમાં આખા દિવસમાં લઇએ. બની શકે તો ઘરના બધા એક ટંક તો સાથે મળીને જમીએ. તળેલું ખાવાનું બંધ કરીએ. રસોડાના ત્રણ સફેદ ઝેર-સાકર મેંદો અને મીઠું, એક પીળું પ્રવાહી ઝેર એટલે કે રિફાઇન્ડ તેલ છે. મીઠું દિવસમાં ૧ ચમચી – ૫ ગ્રામ લેવું જરૂરી, વધુ નહીં જ. બાકી સાકર, મેંદો, રિફાઇન્ડ તેલ

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
**હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.**
સોમવાર બંધ

એકદમ બંધ કરશો એટલું આરોગ્ય માટે ફાયદાકારી. સાકર, રિફાઇન્ડ તેલમાં કેમિકલ્સ ભરપૂર અને સત્વ નહીંવત. ખાંડસરી, કેમીકલ વગરનો ગોળ, ઘાણીનું શુધ્ધ તેલ બિમારી નથી આપતા. ડાયાબીટીઝ કે બી.પી. ન હોય તો આ ચીજો પ્રમાણસર પચે એટલી લઇ શકીએ. આયોડાઇઝડ મીઠું લેવાની જરૂર નથી. જેમને શરીરમાં આયોડીન ઓછું હોય તેને જ લેવું. નહીં તો તે નુકશાનકારક છે. તેના બદલે સિંધવ નમક વાપરો.

(ક્રમશઃ)

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

**'બેગમ હજરત મહલ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ'**

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે આઝાદ ઍજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ''બેગમ હજરત મહલ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ'' માટે આવેદનપત્ર મંગાવવામાં આવી રહ્યાં છે. મળેલ પરીપત્રક પ્રમાણે મુસ્લિમ, ખ્રિશ્ચન, શીખ, બૌદ્ધ, પારસી અને 'જૈન' ધર્મની ગુણવંત વિદ્યાર્થીનીઓ (GIRLS) માટે આ શિષ્યવૃત્તિ આપવામાં આવી રહી છે.

ધોરણ ૯મા અને ૧૦મા ની વિદ્યાર્થિનીઓ (GIRLS) માટે રૂા. ૫,૦૦૦/- અને ધોરણ ૧૧મી અને ૧૨મીની વિદ્યાર્થિનીઓ (GIRLS) માટે રૂા. ૬,૦૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમણે ગતવર્ષનાં ધોરણમાં ઓછામાં ઓછા ૫૦% માર્કસ પ્રાપ્ત કર્યા હશે તેમજ તેમની વાલીની વાર્ષિક આવક રૂા. ૨,૦૦,૦૦૦/- થી વધારે નહીં હોય. તેમને જ આ શિષ્યવૃત્તી મળી શકશે. આવેદનપત્ર દાખલ કરવાની અંતિમ તા. ૩૦/૦૯/૨૦૧૯ છે તેની ખાસ નોંધ લેવી.

– **મહેશ કાંતીલાલ મોતા** (જલગાંમ – કુઆપધર)
મો.: 94044 92830

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**વિવેક અજય મુનવર**
કોઠારા – બોરીવલી
B.E. Comp. **8.15**



**ઈક્ષા દેવેન લોડાયા**
સાંયરા – કાંજુરમાર્ગ
B.Com A/c **76%**



**તુષાર જયેશ નાગડા**
ખામગાવ – નલિયા
S.S.C. **95%**



**ક્રિશા દેવેન લોડાયા**
સાંયરા – કાંજુરમાર્ગ
S.S.C. **86.20%**



**રૂપાંક સચીન લાલકા**
વારાપધર - બોરીવલી
S.S.C. **95.40%**



**પૂરવ જીજ્ઞેશ મોતા**
હૈદ્રાબાદ – લાખણીયા
S.S.C. **92%**



**નીરવ સિમીત લોડાયા**
કોઠારા-ઔરંગાબાદ
S.S.C. **75%**



**કશીશ અભય નાગડા**
દલતુંગી – ઔરંગાબાદ
S.S.C. **78%**

**ગતાંકનો સુધારો**

**કુ. નેહા મહેશ મોતા**
(કુઆપધર – જલગામ)



ભારતના સર્વોત્તમ શૈક્ષણિક સંસ્થાન Indian Institute of Management, Bangalore (IIMB) માં MBA કોર્સ માટે પ્રથમ તબક્કામાં જ પ્રવેશ પ્રાપ્ત કરેલ છે.



## રચયિતા: જયકાંત મોતા

ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

## ધર્મ સંદેશ - ૧૪૧



**ઊભી ચાવીઓ -**

[૧] પર્યુષણનું એક કર્તવ્ય (૪); [૨] મોતીસાગર મહારાજ એ ..... છે (૨); [૩] સાધુ ભગવંતોનું એક ઉપકરણ (૪); [૪] સાધુ ભગવંતોના પાંચ મહાવ્રતમાંનુ (૨); [૫] સાધુઓના પાંચ ..... હોય (૪); [૬] ઘણા જિનાલયની બાર બે બાજુ ....... હોય (૨); [૧૦] ....., મન, ધન, પ્રભુના ચરણોમાં (૨); [૧૧] શત્રુંજય તીર્થમાં આવેલ એક પવિત્ર વૃક્ષ (૪); [૧૨] સ્વયં પ્રભ નું લાંછન (૨); [૧૩] સારી બુધ્ધી (૩); [૧૪] શત્રુંજય પહાડ ઉપર આવેલ.... (૭); [૧૫] સાધુ ભગવંતોનું એક ઉપકરણ (૩); [૧૬] ઈશ્વર (૫); [૧૮] ૧૦૮માંના પાર્શ્વનાથ (૨); [૧૯] અરિહંતના ગુણો (૨); [૨૩] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨); [૨૫] ..... તેજપાલ (૪); [૨૬] આ સોળ છે (૨); [૨૭] ઘણીવાર અમુક તિથિનો... હોય (૨); [૩૦] અહીં સાસુ-વહુના દેરા છે (૨); [૩૧] દરેક જિનાલયમાં..... મૂળ નાયક હોય (૨).

(ઉકેલ અન્યત્ર)

**આડી ચાવીઓ -**

[૧] વીરનું જન્મ સ્થળ (૫); [૫] પર્યુષણ એ ...... પર્વ છે. (૨); [૭] વીસ વિહરમાન માના મહાભદ્રનું લાંછન (૨); [૮] દરેક જિનાલયમાં શત્રુંજયનું ..... હોયજ (૨); [૯] ઘણી પ્રતિમાઓમાં બહુજ... હોય છે (૨); [૧૨] વીસ વિહરમાન માના (૪); [૧૩] સ્થાનકવાસી સંપ્રદાયના સાધુઓ (૨); [૧૪] ત્રિશલા માતાનું એક સ્વપ્ન (૨); [૧૫] ...... એવા કરો કે બીજાને પ્રેરણારૂપ બનો (૨); [૧૭] ત્રિશલા માતાના સ્વપ્નો કેટલા (૨); [૧૮] આ જિનાલયના મૂલનાયકના ભાલે દર વર્ષે... સૂર્ય તિલક થાય છે (૨); [૨૦] એક જ્ઞાન (૨); [૨૧] મર્યાદાની ..... ન કૂદો (૨); [૨૨] દેરાસરનું એક ઉપકરણ (૬); [૨૪] જેનામાં ચક્રવર્તીથી એ વધુ બળ હોય છે (૪); [૨૫અ] કચ્છનું ચંદ્રપ્રભુનું એક જિનાલય (૨); [૨૭] સંસ્કારનું એક અલંકાર (૨); [૨૮] પતાશા એ પ્રભાવનાની એક ..... છે (૨); [૨૯] છ કાયના જીવોમાંના એક (૬); [૩૨] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨); [૩૩] તળાજા અમદાવાદ વચ્ચે ૫૧૧ મૂર્તિનું તીર્થ (૪).

---

## કચ્છી કસબ - ૧૪૧



**ઊભી ચાવીઓ -**

[૧] બુધ્ધુ લોકો (Foolish) (૨); [૨] ગતાગમ (Sense) (૩); [૩] સરસ (Fine) (૨); [૪] મહેમાન (Guest) (૩); [૫] રાખ (Ash) (૨); [૮] પોતાની લાલ કરવી (Boasting) (૪); [૧૦] ચાવવું (To chew) (૨); [૧૨] અત્યાર સુધી (Till now) (૫); [૧૩] તાવ (Fever) (૨); [૧૪] વહેંચવું (To distribute) (૩); [૧૫] વસ્તુની કિનાર તુટવી (Things cut by its border) (૩); [૧૬] સંબંધમાં આવવું (To come in relation) (૩); [૧૭] મુકવૂં (To put) (૨); [૨૦] ગયો (Went) (૩); [૨૨] મારે છે (Beating) (૩); [૨૩] બોલ (Speak) (૨); [૨૪] મરી ગયો (Become dead) (૪); [૨૫] દાંતથી ચાવવું (To cut with teeth) (૪); [૨૬] બરોબર (All right) (૪); [૩૦] આંખ (Eye) (૨).

(ઉકેલ અન્યત્ર)

**આડી ચાવીઓ -**

[૧] બધા (All) (૩); [૨] સ્ત્રીએ લગ્નમાં પહેરવાના ચપ્પલ (Footwear to be worn by girl at wedding time) (૩); [૪] સુકા મેવા (Dryfruits) (૨); [૬] ઝુંરવું (To long for) (૨); [૭] કૂદવું (Jump) (૨); [૯] રોટલી (Indian Chapati) (૨); [૧૧] છુપાવાની જગ્યા (Place to hide) (૨); [૧૨] આશ્ચર્યચકિત થવું (To astonish) (૪); [૧૪] અક્કલ વગરના (Foolish) (૩); [૧૬] પારકી (Not ours) (૩); [૧૭] મૂકવું (To put) (૨); [૧૮] સમ (Swear) (૧); [૧૯] નથી (Not having) (૨); [૨૦] તેડવું (To carry) (૩); [૨૧] પ્રયોગ (Attempt) (૩); [૨૨] શું (What) (૨); [૨૩] અફસોસ કરવો (To regret) (૨); [૨૪] વાટવું (To churn) (૨); [૨૫] બોલ્યો (Spoke) (૩); [૨૭] મારૂં છું (Beating) (૩); [૨૮] સસરો (Father-in-law) (૨); [૨૯] ડર (Fear) (૧); [૩૦] અડાડવું (To touch) (૩); [૩૧] બદલાઈ ગયો (Changed) (૩); [૩૨] ઉપાડ્યું (Lifted) (૨); [૩૩] અક્ષર (Word) (૩).

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## વર્ધમાનનગર મધ્યે સાધર્મિક ભક્તિ કેન્દ્રનો પ્રારંભ

પુ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. તથા પૂ.સા. શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન ૪ માસમાં અત્રે ગુરૂભગવંતોના દર્શનાર્થે પધારેલા સંઘો અને મહેમાનોની સાધર્મિક ભક્તિ તથા એકાસણા, આયંબીલ અને આયંબીલની ઓળી સહિતના દાતાશ્રી કચ્છ સ્ટોન માઇન્સ એન્ડ મિનરલ્સના શ્રી રાજેન્દ્રસિંહ ભાટી, માતુશ્રી નવલબેન ભાણજી પાસડ (શેરડી-મુલુંડ) હસ્તે શ્રી મહેન્દ્રભાઇ પાસડ, માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઇ વોરા (જામનગર) હસ્તે શ્રી ચિંતલભાઇ વોરા તથા અન્ય દાતાશ્રીઓના આર્થિક સહયોગથી ચાલનારા સાધર્મિક ભક્તિ કેન્દ્રને દીપપ્રાગટ્ય કરી જૈન સમાજરત્ન અને પૂર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઇ છેડાએ ખુલ્લું મુક્યું હતું.

આ પ્રસંગે વર્ધમાનનગરના સરપંચ શ્રીમતી જ્યોતિબેન વિકમશી, પંચાયતના સભ્ય શ્રી દિપકભાઇ લાલન, શ્રીમતી શિલ્પાબેન મહેતા, આગેવાન શ્રી રાજેન્દ્રસિંહ ભાટી, શ્રી ચિંતલભાઇ વોરા, શ્રી કીરીટભાઇ શાહ, શ્રી આશિષભાઇ શાહ, શ્રી અરવિંદભાઇ શાહ અને વર્ધમાન નગરના રહેવાસીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા શ્રી તારાચંદભાઇ છેડાએ સાધર્મિક ભક્તિ કેન્દ્રના દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ શ્રી પ્રબોધ મુનવરે તથા વ્યવસ્થા શ્રી હિરાચંદભાઇ છેડા, શ્રી હરીશભાઇ લોડાયા, શ્રી દિલીપભાઇ મોતા, શ્રી ગૌતમભાઇ શાહ, શ્રી પારસભાઇ શાહ, શ્રી ધવલભાઇ છેડા, શ્રી મહેન્દ્રભાઇ લોડાયા વિગેરેએ સંભાળી હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સોલાપુર

સોલાપુર ક.દ.ઓ. જૈન મહાજનનું સ્નેહમિલન તા. ૧૬-૬-૨૦૧૯ના આયોજીત કરેલ. શરૂઆતમાં ૩-૫ વર્ષોમાં જે વ્યક્તિઓનું અવસાન થયેલ આ સર્વેની શાંતી માટે ૧ મિનીટનું મૌન રાખી શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ.

ચિ. વિરલ રમેશ દંડ અને રિટાબેન રમેશ દંડ એ નાના મોટા સર્વેને ૯ ગ્રુપમાં તિર્થોનો નામ આપી રમત ગમત, સવાલ જવાબો રાખી, રમાડેલ. આ સ્નેહ મિલનમાં નવા કાર્યકારી મંડળની એકાનુમતે નિયુક્તિ કરેલ છે. પ્રેસીંડટ - જયેશભાઇ જવેરચંદ લોડાયા, સેક્રેટરી - ગૌતમભાઇ કેશરીચંદ નાગડા, સહસચીવ - અમર લલીતભાઇ ધરમશી, ખજાનચી - દિપેશકુમાર મણીલાલ વિકમશી.

ઘણા વર્ષોથી અધ્યક્ષ તથા સચીવ મણીલાલ ખીમજી વિકમશી અને તિલોકચંદ - નારાયણજી લાલકાની પણ મંડળના સભ્યો અનુમોદના કરી.

## પૂ.સા. મૌનગુણાશ્રીજી મ.સા.નો અનંતનાથ જિનાલયે ચાતુર્માસે પ્રવેશ

તા. ૦૬-૭-૨૦૧૯ના સા. મુખ્યા પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા. શાસનપ્રભાવિકા પ.પૂ.સા. પૂણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા. મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ નો ચાતુર્માસ પ્રવેશ થયો. દેવદર્શન, ચૈત્યવંદન, માંગલિક પછી શ્રી રાજેશ રાયચંદ છેડાએ કાર્યક્રમનું સંચાલન કરેલ. મસ્જિદ બંદરની બહેનોએ સ્વાગત ગીત રજુ કરેલ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતાએ આવકાર પ્રવચન, મુંબઇ મહાજનશ્રીના માનદમંત્રી શ્રી રમેશ હીરજી લોડાયાએ પ્રાસંગિક પ્રવચન આપેલ.

વ્યાખ્યાન, સુત્ર-ચરિત્ર તથા ગુરૂપૂજનના ચડાવા લેવામાં આવેલ. સુત્રનો ચડાવો શ્રી રાયચંદ શિવજી છેડા, ચરિત્રનો ચડાવો સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ તથા ગુરૂપૂજનનો ચડાવો માતુશ્રી રાજબાઇ કેશવજી વેલજી મોમાયા પરિવારે લીધેલ. શ્રી મુંબઇ મહાજન દ્વારા પૂ. સાધ્વીશ્રીને કામ્બલી વહોરાવેલ.

## કલીકટ સમાચાર

અત્રે અચલગચ્છ અને તપાગચ્છ મળીને બધાજ ધાર્મિક અનુષ્ઠાન સાથે કરે છે એ સંદર્ભમાં તા. ૯-૭-૨૦૧૯ને રવિવારના શ્રી ગૌતમસ્વામી લબ્ધી પૂજન સ્નાત્ર મંડળ તરફથી કરવામાં આવેલ.

શ્રી કલીકુંડ પાર્શ્વનાથ દાદાના જિનાલયની વર્ષગાંઠ તા. ૩૦-૫-૨૦૧૯ના ઉજવવામાં આવી. ધ્વજા ચડાવવાના લાભાર્થી શ્રી ધીરજલાલ મનસુખલાલ પરિવાર.

આદેશ્વર દાદાના જિનાલયની વર્ષગાંઠ તા. ૬-૬-૨૦૧૯ના ઉજવવામાં આવી. ધ્વજાના લાભાર્થી શ્રી

રમેશભાઇ ભાઇલાલ મહેતા પરિવાર દાદાનાં પગલાની ડેરાની ધ્વજાનો લાભ પણ લીધેલ.

અષાઢી બીજ કચ્છી નવું વર્ષ તા. ૭-૭-૨૦૧૯ના કલીકટ અને બડગરા ક.દ.ઓ. જૈન સમાજે સાથે મળી ઉજવ્યો. કાર્યક્રમમાં બધા માટે વિવિધ રમતો રમાડવામાં આવી જેમાં વડીલો, યુવાનો, બાળકોએ ભાગ લીધેલ. વિજેતાઓને પારિતોષિક આપવામાં આવ્યા.

કાર્યક્રમનું વિશેષ આકર્ષણ જુનીયર માસ્ટર ચેફ (Fireless Cooking) માં ૧૦ બાળકોએ ભાગ લીધેલ અને વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ. ભોજન બાદ હાઉઝીની રમત રમાડવામાં આવેલ અને લકી ડ્રોમાં બે ઇનામ આપવામાં આવેલ.

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇના સહયોગથી ગ્રુપના અધ્યક્ષ શ્રી જયેશ જૈન ઉપાધ્યક્ષ શ્રી ગોંવિદજી પટેલ, પ્રવિણભાઇ લોડાયા, મંત્રી શ્રી કિરણ દંડના માર્ગદર્શન હેઠળ કચ્છમાં સમાજનાં જરૂરતમંદ વિદ્યાર્થી ભાઇ-બહેનોને નિઃશુલ્ક નોટબુકો વિતરણ કરવામાં આવેલ. વ્યવસ્થા જયાબેન મુનવર-ભુજ, ભદ્રીકભાઇ મૈશેરી-ગાંધીધામ, દિનેશ મોતા-કોઠારા, કૃણાલ ડાઘા-માંડવી તથા ભાવેશ લોડાયા-મુંદરાએ સંભાળી.

### શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ

અષાઢી બીજની ઉજવણીના પ્રોગ્રામમાં સુરેન્દ્રનગરના પ્રસિધ્ધ કલાકાર શ્રી દિલીપભાઇ શાહ (ડીડી) દ્વારા વન મિનીટ, રાઇટીંગ, એક્શન, ડાન્સ, જેવી વિવિધ રમતો, ફની કવેસ્ચનસ-આનરસર, જોક્સ, શેર-શાયરી કરવામાં આવી હતી. એંકરીંગ ઉપપ્રમુખ દિમીબેન ધરમશીએ સંભાળ્યું હતું. મંડળના પ્રમુખ મીનાબેન લાલકાએ બધાનું સ્વાગત કરી અષાઢી બીજની શુભેચ્છાઓ પાઠવી હતી. લીપીકાબેન મૈશેરી (ખજાનચી)એ વર્ષ દરમિયાનના કાર્યક્રમોનું વર્ણન કર્યુ હતું. ભાવિની દંડ (સેક્રેટરી)એ સૌનો આભાર માન્યો હતો. કમીટી મેમ્બરો દિમીબેન લોડાયા, મૃદુલાબેન, પૂજાબેન ધરમશીએ પ્રોગ્રામને સફળ બનાવવામાં મહેનત કરી હતી.

### કોઠારા તીર્થે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ

અબડાસા મોટી પંચતીર્તીના કોઠારા તીર્થે પૂ.સા. શ્રી કિરણકલાશ્રીજી મ.સા. ચાતુર્માસ પ્રવેસ કરતાં શ્રી કોઠારા જેન સંઘ દ્વારા ઢોલ-શરણાઇ, શણગારેલા બેડા તથા ગહુંલીઓ સાથે સામૈયું કરવામાં આવેલ. કોઠારા ગામનાં શીતલાવાળા નાકા પાસેથી સ્વાગત યાત્રાનો પ્રારંભ થયો હતો. જેમાં હેમંત અજાણી, વીરચંદ ધરમશી, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, પ્રદિપ મુનવર, શાંતીલાલ ધરમશી, મયુર નાગડા, અનીલ મોતા, દેવેન્દ્ર મોમાયા, રતિલાલ ધ્રોળ, હેમંત જીવાણી, ચંદ્રકાંત મુનવર, લલીતભાઇ લોડાયા તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવી રાસની રમઝટ જમાવેલ.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ, માંગલિક શ્રવણ કરતાં જણાવ્યું હતું કે, શ્રાવક-શ્રાવિકાઓની જાગૃતિ માટે ચાતુર્માસ છે. ''વીરવાણી નહીં સૂની તો, કુછ નહીં સુના'' તેવું જણાવી કઇ ગતીમાં ભટકશું ? આખરે દેવગતિ તો માનવભવમાંથી મળે છે. ત્યારે ચાતુર્માસની ધર્મરાધનામાં જોડાઇ જવા સમજ આપી હતી.

ધર્મબિંદુ સૂત્ર વહોરાવવાનાં ચડાવાનો લાભ પ્રભાબેન ભોગીલાલ રાંભીયા-રામાણીયા પરિવારે જ્યારે ઋષિદતા ચરિત્ર વહોરવાનાં ચડાવાનો લાભ માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી અજાણી પરિવારે લીધેલ.

પ્રવિણ ટી લોડાયા, તોરલબેન શાહનંદ, હેમંતભાઇ અજાણી, દિનેશ અજાણી, રાજુભાઇ ગાલા, નેમજીભાઇ ગાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

ફરાદીના કલ્યાણજીભાઇ સાવલા, કાંતીભાઇ દેઢીયા, રાજેન્દ્ર દેઢીયા, વસંતભાઇ દેઢીયા તથા નીતીનભાઇ નાગડા તથા નાના આસંબિયા, કાંડાગરા અને કોઠારા તથા આજુબાજુનાં ગામોનાં જૈન સંઘોના શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન દીનેશ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં કાંતીલાલ લાલકા, મહેશ શીયાલ, ધનપિત લોડાયા, દિનેશ મોતા


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.

તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.

તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

તથા કોઠારા જૈન સંઘના સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સહકાર આપ્યો હતો.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ - કલકત્તા

તા. ૧૩-૨-૨૦૧૯ના રોજ કચ્છી મહિલા મંડળની પિકનીક ઇકો પાર્ક ગઇ હતી.

તા. ૧૯-૨-૨૦૧૯ના રોજ દેવકાબેન તરફથી વેદનીકરણ પૂજા ભણાવવામાં આવેલ.

તા. ૨૩-૨-૨૦૧૯ મીનાબેન શાહના ઘરે કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવી તથા રમાડેલ ગેમ્સમાં ૧) ભારતી લાલકા ૨) મંજરી વીરા, અને ૧) કિર્તી શાહ, ૨) નયના બુરીયાને પ્રાઇઝ મળેલ.

તા. ૧૦-૩-૨૦૧૯ના રોજ કસ્તુરબેન દેઢીયા તરફથી આદિનાથ પંચકલ્યાણ પૂજા ભણાવવામાં આવેલ.

તા. ૨૬-૩-૨૦૧૯ના હેમલતાબેન સાવલાને તથા કોફીમીટ રાખવામાં આવેલ. બે ગેમ્સ રમી, હાઉઝી રમી.

તા.૮-૪-૨૦૧૯ના રોજ મીતાબેન લાલકા તરફથી આદિનાથ પંચકલ્યાણ પૂજા ભણાવવામાં આવેલ.

તા. ૧૭-૪-૨૦૧૯ અરવિંદભાઇ શાહ તરૂફથી શ્રી મહાવીર પંચકલ્યાણ પૂજા ભણાવવામાં આવેલ.

તા. ૨૧-૪-૨૦૧૯ કસ્તુરીબેન કિરીટભાઇ દંડ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા ભણાવવામાં આવેલ.

તા. ૧૫-૬-૨૦૧૯ના રોજ જયશ્રીબેન ખોના તરફથી હોટલ શિવસાગરમાં કિટી પાર્ટી રાખવામાં આવેલ. ગેમ્સ રમાડવામાં આવેલ. ૧) ગેમ્સ ૧) નયના બુરીયા, ૨) મંજરી વીરા, અને મંજરી વીરા, ગીતા શાહ, ૨) નયના બુરીયાનો પ્રાઇઝ મળેલ.

## કેડીઓ ટોક્સનો શુભારંભ

આજના વ્યસ્ત અને ત્રસ્ત સમયમાં જીવન ગુજારતા સૌને સમય ક્યાં બચશે એની ચિંતા હોય છે. સમયના અભાવે રીડીંગ એટલે કે વાંચનનો પ્રભાવ અને પ્રસારમાં કમી આવી છે. ચોવીસ કલાક હથેળીમાં સમાયેલો રહેતો મોબાઇલ ફોન અને આંગળીના ટેરવા ફેરવી આસાનીથી મળી જતી માહિતીનો જમાનો પૂરજોશમાં જીવાઇ રહ્યો છે. પરિવર્તન કુદરતનો નિયમ છે એ સમજી સમય પ્રમાણે કદમ મિલાવતા શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મિડીયા કમિટીએ આપણા યુવા વર્ગને સમાજના મેસેજ, સમાજનો ઈતિહાસ, જ્ઞાતિના આગેવાનોની વિચારધારા ઈલેક્ટ્રોનિક્સ માધ્યમથી સુલભતાથી પહોંચાડવા કેડીઓ ટોક શૉ નો શુભારંભ કર્યો છે. આ શોમાં જ્ઞાતિની બહુમુખી પ્રતિભા, વિવિધ ક્ષેત્રમાં સિધ્ધહસ્ત કામ કરેલ અગ્રણી જૈનોના વિચાર, તેઓની સિધ્ધિ શિખર પહોંચવાની સફર વિષે જાણવા લાયક માહિતી, રસપ્રદ વિગતોથી સૌ વાકેફ થશે. જેથી આજની યુવાપેઢી પણ આમાંથી પ્રેરણા લઇ શકશે

સમસ્ત મહાજનશ્રીની મિડીયા કમિટી દ્વારા દર માસના પ્રથમ રવિવારે પાંચ વ્યક્તિઓના ઇન્ટરવ્યું લેવાશે અને તેને ઇલેક્ટ્રોનિક માધ્યમોમાં અપલોડ કરાશે.

જેમણે સમાજ, સ્પોર્ટસ, કલા, કૌશલ, એડવેન્ચર જેવા વિવિધ કાર્યોમાં સિધ્ધિ મેળવી હોય, પ્રેરણાભર્યું કામ કર્યું હોય. નામ મેળવ્યું હોય તેની વિગત અમને જણાવે જેથી પ્રતિભાનો ઇન્ટરવ્યું લઇ કેડીઓ ટોક્સ શોમાં સમાવેશ કરાશે. વધુ વિગત માટે જયંત વી. છેડા - 9322257731 અથવા મનિષા લાલકા - 9820545734 નો સંપર્ક કરવો.

## સખીવૃંદ મહિલા મંડળ, પુણે





સખીવૃંદ મહિલા મંડળની ૨૬મી વાર્ષિક સભા તા. ૩૦ જૂન ૨૦૧૯ના ઉજવાઇ. વેલકમ ચોકલેટ આપી હેતલ હેમલ મૈશેરી અને મીરાબેન જયેશ નાગડાએ હર્ષભેર સ્વાગત કર્યું. કાર્યક્રમનું સંચાલન મહિમા ભાવિન નાગડા એ બબલી (પપેટ) સાથે કર્યું. શ્વેતાબેન જ્ઞાનેશ ડાઘા દ્વારા નવકારના પઠનથી કાર્યક્રમનું શુભારંભ થયું. પુષ્પાબેન માણેકજી


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

લોડાયા (પ્રેસિડેંટ) વેલકમ સ્પીચ આપી સહુને આવકાર્યા. નીતાબેન અજય દંડ, સર્વે સભ્યોની જન્મ દિવસ અને લગ્નની વર્ષગાંઠની શુભેચ્છા અચૂક પાઠવે છે. તેમના આ સદકાર્યને લક્ષમાં રાખી મંડળ વતી ટ્રોફી આપી તેમને બિરદાવ્યા. મહિમા ભાવિન નાગડાએ વિવિધ રમતો રમાડી સભ્યોને મનોરંજન પીરસ્યું ત્યારબાદ રસપ્રદ દ્રષ્ટાંત આપી વર્ષ દરમ્યાનની મીટીંગના અહેવાલ, મીતાબેન પ્રશાંત લાલકા (સેક્રેટરી)એ અનોખા અંદાજમાં રજૂ કર્યા. વર્ષ દરમ્યાન મીટીંગ લેનાર સભ્યોને ભેટ પણ અપાઇ. કલ્પનાબેન દુષ્યંત લાપસિયા (ખજાનચી)એ વાર્ષિક હિસાબ અને દાનની વિગત રજૂ કરી અને સાથે જ સર્વે દાતાશ્રીઓનું અભિવાદન કર્યું.

નલિનીબેન નરેંદ્ર લાપસિયાએ મંડળને રૂપિયા ૫૦૦૦/-નું દાન આપ્યું. તે બદલ મંડળ તરફે તેમનું બહુમાન થયું. ફુલ હાજરી આપનાર લેખા જીનેશ માલદે અને રીટાબેન ભરત ભાટે ને ભેટ આપી, પ્રોત્સાહિત કર્યા. બેસ્ટ મીટીંગના વિજેતા કિર્તિબેન જયંત નાગડા અને ડિંપલબેન પ્રશાંત લોડાયા થયાં. દર વર્ષની જેમ મીતાબેન લાલકા દ્વારા પોપ્યુલર એવોર્ડ મીટીંગના વિજેતા કિર્તિબેન જયંત નાગડા અને જીવનબેન હિરાચંદ શાહને રોલિંગ ટ્રોફી અને ભેટ આપી સન્માનિત કર્યા. આયપીપી પદે રહેલાં શ્વેતાબેન જ્ઞાનેશ ડાઘાને ૧૨ વર્ષની કારોબારી સમિતિનો કાર્યકાળ પૂર્ણ થયા બદલ ટ્રોફી આપી નવાજ્યા તથા તેમણે કાર્યકાલ દરમ્યાનના મંતવ્ય રજૂ કર્યા. વંદનાબેન ધરમશીએ બૈજ સેરિમનિ સાથે ગેવેલના મહત્વની રજૂઆત કરી. આખા કાર્યક્રમની સુંદર યાદોને કેમેરામાં કેદ મયુરી મોમાયા દ્વારા કરાઇ. કોમલ ધરમશીએ આભાર વિધી કરી.

નવી કારોબારી સમિતિની નિમૂણંક થઇ જેમાં આયપીપી પુષ્પાબેન લોડાયા, પ્રેસિડેંટ – કલ્પનાબેન લાપસિયા, વાઇસ પ્રેસીડેંટ – મીતાબેન લાલકા, સેક્રેટરી – કોમલ ધરમશી, ખજાનચી – હેતલ મૈશેરી, મેમ્બર – લેખા માલદે, મેમ્બર – મહિમા નાગડા.

### કલર પાનાંની મેટરો

પ્રકાશ-સમીક્ષાના કલર પાનાં ૪ના ગુણાંકમાં છપાતા હોવાથી અમને ૪,૮,૧૨,૧૬, જેવી પૂરેપૂરી સંખ્યામાં મેટરો મળી હશે તેટલી જ જાહેરાતો પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બને છે. પ્રિટીંગની અનુકુળતા મુજબ પાનાની ગોઠવણ કરવાની હોઇ પાનાના ક્રમ માટે આગ્રહ ન રાખવા વિનમ્ર વિનંતી.

## શ્રી ભલારા દાદા સ્થાનક - કુવાપધર

### ધ્વજા મહોત્સવે હાર્દિક આમંત્રણ

શ્રી ભલારા દાદા સ્થાનકે ૨૨માં ધ્વજા મહોત્સવ પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.

મુંબઇથી પ્રસ્થાન **શુક્રવાર તા. ૬-૧૨-૨૦૧૯**ના સયાજી નગરી ટ્રેન દ્વારા

કચ્છથી રવાના **સોમવાર તા. ૯-૧૨-૨૦૧૯**ના કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા

**સ્થાનિકે ધ્વજા મહોત્સવ રવિવાર તા. ૮-૧૨-૨૦૧૯**ના સંપૂર્ણ પ્રોગ્રામના લાભાર્થી **સંઘમાતા રાજબાઇ પદમશી ખીમજી મોતા પરિવાર** (કુવાપધર) હૈદરાબાદ, હ : **જયશ્રી ભરત મોતા, સચીન તથા ભક્તિ ભરત મોતા** તથા **સંઘમાતા વિજયાબાઇ કુંવરજી હરશી લોડાયા પરિવાર** (રાપરગઢવારી) ભાંડુપ હ. **ભાવેશ તથા ધનેશ કુંવરજી લોડાયા.**

જે પણ ભાઇ-બહેનોને આવવાની ઇચ્છા હોય તેમને રૂા. ૧૦૦૦/- ટોકન ભરી નામ લખાવવા વિનંતી. નામો લખાવવાની અંતિમ તા. ૩૧/૭/૨૦૧૯ સુધી (ટોકન નોન રીફંડેબલ)

સંપર્ક : **શ્રી પદમ સોજપાર મોતા - 93211 01201**
**શ્રી વિનોદ ખેતશી મોતા - 93212 86627**
**શ્રી મુલરાજ ગોવિંદજી મૈશેરી - 98676 60210**
**શ્રી રાયચંદ દેવશી જીવાણી - 87798 75109**

જય શ્રી ભલારાદાદા

## શ્રી ભલારા દાદા - વારાપધર

વારાપધર ગામે બિરાજમાન દાદા ભલારાના સ્થાનના બાજુની જગ્યા દાદાજીને સહપ્રેમ ભેટ રૂપે મળેલ છે જેનો જિર્ણોધ્ધારનો અંદાજીત ખર્ચ રૂા. ત્રણથી સવા ત્રણ લાખ જેવો આવશે. હજી સુધી દોઢ લાખ જેવી રકમના નામો આવેલ છે બાકીની રકમ માટે યોગદાનની જરૂર છે.

આ કામ ટુંક સમયમાં ચાલુ કરવામાં આવશે. જેમાં કોઈપણ ભાવિકોને દાદાના દ્વારમાં ફુલ નહી ફુલની પાંખડી રૂપે યોગદાન દેવા વિનંતી. રૂા. ૧૧૦૦૦/- અંકે રૂપિયા અગિયાર હજાર ઉપરના દાતાશ્રીઓની નામાવલી મંદિરની અંદરની સાઇડમાં તકતી લગાડવામાં આવશે. જે પણ ભાવિકને ઈચ્છા હોય તેઓ સંપર્ક કરે.

| | |
|---|---|
| **લિતેશ લક્ષ્મીચંદ લોડાયા** | **દામજી વેલજી મૈશેરી** |
| મો.: **99790 26201** | મો.: **99782 49154** |

**જય ભલારા...**

**નોંધ : પુ. ભુઈમા ની ગંધી બદલાવવાની તા. ૧૨/૧૧/૧૯ ના રાખેલ છે. જેની ભાવિકજનોને નોંધ લેવા વિનંતી.**

## વતનના વર્તમાન

### પ્રાચીન કચ્છ

લખપત અને આસપાસના ખાસ કરીને મેઇન લૅન્ડ કચ્છના રણ કાંધીના વિસ્તારોના ભૂગર્ભ શાસ્ત્રીય અભ્યાસ તરફ અનેક વિજ્ઞાનીઓ આકર્ષિત થયા છે. એ પૈકી ઇસરોના પૂર્વ વૈજ્ઞાનિક ડૉ. પી. એસ ઠક્કર ઇસરોની સેટેલાઇટ તસવીરોનો અભ્યાસ કરતા એવા તારણ પર પહોંચ્યા છે કે પ્રાચીન કાળમાં લખપત મહત્વનું અને લાખોની વસતી ધરાવતું શહેર હોવું જોઇએ. અહીં સંખ્યાબંધ બૌધ્ધ મઠ પણ હતા તથા અવશેષો પરથી લાગે છે કે ખાસ કરીને ગુલાબી ચોખા, સઘન વન વિસ્તાર તથા વ્યાપારથી સમૃધ્ધ લોકોની વસતી હોવી જોઇએ ઉપરાંત અહીં તક્ષશિલા – નાલંદાની કક્ષાની એક મોટી યુનિવર્સિટી પણ અવશ્ય હશે.

હજારો વર્ષોથી કચ્છ સદાય સમયાંતરે સુનામી, ધરતીકંપ અને અન્ય કુદરતી આપદાઓથી ઘેરાયેલું રહ્યું છે. ૧૮૧૯ના વર્ષથી ૨૦૦૧ સુધીના મહાભૂકંપોના ગાળા દરમિયાન લગભગ ૮૩ જેવા નોંધપાત્ર ધરતીકંપ આવી ચૂક્યા છે. જેની નોંધ લેવી રહી.

### ખારેકના મબલખ પાકની શક્યતા

કચ્છી મેવાના નામે વિખ્યાત ખારેકના વાવેતરમાં વરસોવરસ વધારો થતા ઉત્પાદન વધ્યું છે. આ વરસે લગભગ ૧૮ થી ૨૦ લાખ કિલોની ઉપજનો અંદાજ છે.

મુખ્યત્વે મુંદ્રા અને અંજારમાં પેદા થતી ખારેક હવે કચ્છના અન્ય વિસ્તારોમાં પણ પગ પેસારો કરી રહી છે. હાલ ભુજ, માંડવી અને ભચાઉમાં પણ ખારેકનો પાક લેવાય છે. અનુમાન છે કે કચ્છમાં હાલ ૮૦૦૦ ઝાડ પરદેશી અને ૧૨૦૦૦ જેટલા દેશી ખારેકના ઝાડ છે. જાત પ્રમાણે કચ્છમાં ભાવ કિલોના રૂા. ૨૦ થી ૧૨૫ બોલાય છે.

આ બાગાયતી પાકના નિષ્ણાતો માને છે કે 'વેલ્યુ એડીશન' પૅકિંગ અને જાળવણી તથા માર્કેટિંગ પર ધ્યાન અપાય તો આવકમાં વધારો થઇ શકે છે. જ્યાં કચ્છી સમાજ વિશેષ સંખ્યામાં વસે છે તે સિવાય જર્મની અને યુરોપમાં ખારેકની થોડા પ્રમાણમાં નિકાસ થાય છે.

### કોઠારાનો મહિલા બસ સ્ટેન્ડ

કોઠારામાં ખાસ મહિલાઓની સુવિધા માટે ૫૦ વર્ષ પૂર્વે બનાવાયેલું બસ સ્ટેન્ડ હાલ જર્જરિત થઇ ગયું હોઇ વહેલી તકે રિપેરીંગની માગણી થઇ છે.

### તેલ ગૅસ સંશોધન

કચ્છમાં તેલ ગૅસ અંગે વખતોવખત સંશોધન થતા રહે છે. આ વખતે છેલ્લા ૯-૧૦ મહીનાથી ઓએનજીસી દ્વારા અનેક વિસ્તારોમાં સંશોધન થઇ રહ્યું છે. ભીમાસર, જખૌ પાસેના છછી, સફેદ રણ, ખાવડા, કુરણ, માંડવી, ભુજ નજીકના વિસ્તારોમાં તેલ-ગૅસની શોધ કરાઇ રહી છે.

અગાઉ ૫૦ થી ૬૦ના દાયકા દરમિયાન પણ રશિયન નિષ્ણાતો તેલ ગૅસ- હાઇડ્રોકાર્બનની શોધ કરી રહ્યા હતા. એમ માનવામાં આવતું કે અંકલેશ્વરથી જખૌ સુધી અને આગળ સમુદ્રમાં વિલીન થતી ઓઇલની ભૂગર્ભીય પટ્ટીમાં પુષ્કળ તેલ ઉપલબ્ધ છે પણ આગળ કંઇ પરિણામ સાકાર થયા નથી.

### નલિયા નેત્રા રૂટની બસો બંધ

નલિયાના એસટી વિભાગે નલિયાને તેરા, માંડવી, નખત્રાણા, કુવાપધ્ધર, બાંઢિયા ગામોને જોડતા બધાજ દ્વારા બસ રૂટો હાલ બંધ કરી દેવાયા છે.

### વાવણી

જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવ્યા મુજબ કચ્છમાં સારા વરસાદની આશાએ ૭૬૩૩૮ હેક્ટરમાં વાવણી (પોખ) કરાઇ છે જેમાં અબડાસામાં ૯૩૮૪ હેક્ટરમાં વાવણી કરાઇ છે.

અબડાસો કપાસ માટે ખૂબજ અનુકૂળ હોઇ અહીં મુખ્યત્વે કપાસ તથા બાજરી, ઘાસચારા, કઠોળ, ગુવારની વાવણી થઇ છે.

### શ્રી પાર્શ્વચંદ્ર ધામ પાલીતાણા

પાલીતાણા તળેટી રોડ ઉપર વસેલું શ્રી પાર્શ્વચંદ્ર ધામ સ્વચ્છ સુઘડ હવા ઉજાસથી ભરપૂર એસી અને નોન એસી રૂમોમાં ફર્નીચર અને બાથરૂમની સુવિધા ધરાવે છે. નલીયાના જ્ઞાતિબંધુ નવીનચંદ્રભાઇ નાગડા મેનેજરની જવાબદારી લગન અને નિષ્ઠાથી વહન કરી રહ્યા છે.

પ્રાંગણમાં નેત્રકારક લીલુછમ્મ નાનો પણ મનોરમ્ય બગીચો છે તેમજ ઉનાળામાં ધગધગતી ધરામાં કંઠની પ્યાસ બુઝવવા સરસ મજાનું વૉટર કૂલર પણ છે જે ૨૪ કલાક કાર્યરત રહે છે. આવવા જવા વફાદાર ઓટો રિક્ષાવાલા ઉપલબ્ધ છે. નવું નકોર લીફ્ટ વસાવેલું છે. ધામને અડીને આવેલો રસ્તો સ્વચ્છ, શાંત અને ખાડા ટેકરાથી મુક્ત છે. બાજુમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર પણ છે. એકંદરે એક વાર નજર હેઠળ કરવા લાયક છે. – કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી વીણાબેન મણીલાલ લાલકા** (PS 3446) | ૪, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગારામ ભોઈર બિલ્ડીંગ, ગાંવદેવી સોસાયટી, ઘનશ્યામ ગુપ્તે રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: 099204 19064 |
| **પંકજ ગોવિંદજી મૈશેરી** (PS 4023) | ૮૦૩, બિલ્ડીંગ નં. ૧, સર્વોદય લીલા, ઠાકુર્લી-કલ્યાણ રોડ, કંચનગાંવ, ઠાકુર્લી - ૪૨૧ ૨૦૧. મો.: 098212 25667 |
| **કિરણ જીવરાજ લોડાયા** (PS 6562) | એ-૨૦૧, રાજ ગાર્ડન, મ્હાત્રે નગર, રાજાજી રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 093708 24947 - Kiran, 096738 19940 - Leelam |
| **અશોક હીરજી લાપસીયા** (PS 6734) | ૨૩૩, નવી પેઠ, ચાંદની હોટલની સામે, જલગામ - ૪૨૫ ૦૦૧. મો.: 094239 75029 - Ashok, 097300 41170 - Kartik |
| **તુષાર સોમચંદ ધરમશી** (PS 7374) | સી-૧૪૦૫, કટીલેશ્વરી એપાર્ટમેન્ટ, મુંબઈ તડકા રેસ્ટોરેન્ટની બાજુમાં, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો. : 093222 12106 |
| **અરવિંદ કલ્યાણજી શાહ (મૈશેરી)** (PS 7375) | ૬, મહાદેવ નિવાસ, આર. એચ. બી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો. : 080974 96040 |
| **વિમલ કાનજી મૈશેરી** (PS 974) | રૂમ નં. ૧૮, ઓઘડભાઈ વાડી, ઓઘડભાઈ લેન, એમ. જી. રોડ, પુજા હોટલ લેનની બાજુમાં, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: 099304 17665 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૫-૧૯ | સુરત | ખુશી, મિનલ પારસ ચીમનલાલ ધરમશી | સુથરી | પુત્રી |
| ૨૭-૦૬-૧૯ | મુલુંડ | અદવિત, પૂજા પ્રેમલ મહેન્દ્ર વિસનજી લોડાયા | મોટી ખાવડી | પુત્ર |
| ૨૭-૦૬-૧૯ | દાવણગીરી | અનાયા, અંબિકા જય મહેન્દ્ર ગોવિંદજી ધરમશી | છાદુરા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૭-૧૯ | ડોમ્બીવલી | સુનીલ ભાઈચંદ લખમશી ખોના | ગોરખડી | ૩૨ |
| | ડોમ્બીવલી | હેતલ હસમુખ કેશવજી ડાઘા | દલતુંગી | ૩૦ |
| ૧૦-૦૭-૧૯ | દંતાણી | દિપક ભરત આસારીયા દંડ | લાલા | ૨૫ |
| | ભાંડુપ | ગ્રીષ્મા જગદીપ પદમશી લોડાયા | તેરા | ૨૫ |
| ૧૫-૦૭-૧૯ | મહેબુબ નગર | સંદીપ જીતેન્દ્ર લક્ષ્મીચંદ મૈશેરી | બાંઢિયા | ૨૨ |
| | હૈદરાબાદ | કૃપાલી લક્ષ્મીચંદ આણંદજી નાગડા | રાપર ગઢવારી | ૨૦ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૭-૧૯ | ઘાટકોપર | ધવલ અશ્વીન લક્ષ્મીચંદ ધુલ્લા | ભરૂડીયા | - |
| | થાણા | ખુશ્બૂ અરવીંદ મીઠુભાઈ ગોરી | મોટી ભાડાઈ | - |
| ૦૯-૦૭-૧૯ | મુલુંડ | હાર્દિક રાજેશ છગનલાલ લોડાયા | મોટી ખાવડી | ૨૮ |
| | માટુંગા | નિરાલી બિપીન કલ્યાણજી કુરિયા | તલવાણા | ૨૮ |
| ૧૬-૦૭-૧૯ | ડોમ્બીવલી | વિશાલ રજનીકાંત ધનજી લાલન | નાંગલપર | ૨૭ |
| | વડાલા | વૃષ્ટિ કિશોર દામજી ધરમશી | કોઠારા | ૨૩ |

## આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૫-૧૯ | કોચીન | અમિત મનોજ જેઠાલાલ મોમાયા | સાંયરા | ૨૭ |
| | ત્રિવેન્દ્રમ | ગૌરી સુરેશકુમાર નાયર | ત્રિવેન્દ્રમ | ૨૬ |
| ૦૯-૦૭-૧૯ | વડાલા | ભાવિક ગિરીશ કાનજી દંડ | લાખણીયા | ૩૧ |
| | ચેમ્બુર | ધવની અરૂણ શામજી છેડા | દેઢિયા | ૩૦ |
| ૧૩-૦૭-૧૯ | જાલના | ધવલ કિરીટ નેણશી મૈશેરી | જખૌ | ૨૬ |
| | નાગપુર | પ્રજ્ઞા દશરથ તુલસીરામ લાન્ડે | નાગપુર | ૨૬ |

## સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૫-૧૯ | મસ્જિદ બંદર | મોહિત જયેશ તિલક પટેલ (મોતા) | તેરા | ૨૮ |
| | વાશી | શ્વેતા સુનીલ પ્રેમચંદ ધરમશી (ભગત) | જખૌ | ૨૬ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૬-૧૯ | બેંગલોર (ભુલ સુધાર) | રાજેશ નરેન્દ્ર પદમશી ધરમશી | સુથરી | ૪૮ |
| ૦૪-૦૭-૧૯ | વારાપધર | જયાબેન હંસરાજ વીરજી કુંવરજી વિકમશી | વારાપધર | ૬૪ |
| ૦૫-૦૭-૧૯ | ઈન્દોર | મધુરીબેન લક્ષ્મીચંદ દામજી દંડ | તેરા | ૭૫ |
| ૦૬-૦૭-૧૯ | ડોમ્બીવલી | પ્રેમાબાઈ મણશી શામજી લોડાયા | કોઠારા | ૯૦ |
| ૦૯-૦૭-૧૯ | ખંડવા | વિમલા પ્રફુલકુમાર રાયચંદ નાગડા | નલિયા | ૭૯ |
| ૧૦-૦૭-૧૯ | જામનગર | દામિની પુનશી ધરમશી લોડાયા | નાની ખાવડી | ૭૫ |
| ૧૦-૦૭-૧૯ | સાંગલી | રાજબાઈ નરશી જેઠાભાઈ છેડા | સુથરી | ૯૦ |
| ૧૪-૦૭-૧૯ | ઘાટકોપર | લહેરચંદ કુંવરજી હીરજી છેડા | નલિયા | ૭૨ |
| ૧૪-૦૭-૧૯ | કોચીન | ભચીબાઈ શામજી નરશી કુરૂવા | બાયઠ | ૯૨ |
| ૧૪-૦૭-૧૯ | હુબલી | રતીલાલ નારાણજી કાનજી પીતાંબર પટેલ (નાગડા) | નલિયા | ૭૮ |
| ૧૭-૦૭-૧૯ | મુલુંડ | રાજન શામજી ઉદેશી મોતા | કુઆપધર | ૮૬ |
| ૧૭-૦૭-૧૯ | ડોમ્બીવલી | નવીનચંદ મુલજી કેશવજી મોમાયા | બારોઈ | ૮૨ |
| ૧૭-૦૭-૧૯ | ડોમ્બીવલી | મણીલાલ ભવાનજી કરમશી લોડાયા | નલિયા | ૭૫ |
| ૧૮-૦૭-૧૯ | ડોમ્બીવલી | પદમશી માલશી કેશવજી મોમાયા | મોટી સિંધોડી | ૭૯ |
| ૧૮-૦૭-૧૯ | ડોમ્બીવલી | પદમશી માલશી મોમાયા | મોટી સિંધોડી | ૮૦ |
| ૧૯-૦૭-૧૯ | ધુલિયા | ચંદ્રકાંત રાયચંદ જીવરાજ મૈશેરી | બાંઢિયા | ૬૯ |
| ૨૦-૦૭-૧૯ | લલિતપુર | સતીષ લક્ષ્મીચંદ ધુલ્લા | સુથરી | ૫૭ |

## ધર્મ સંદેશ - ૧૪૧ નો ઉકેલ

**આડી ચાવીઓ** - (૧) ક્ષત્રિયકુંડ (૫) મહા (૭) હાથી (૮) પટ્ટ (૯) સત (૧૨) ચંદ્રાનન (૧૩) સંત (૧૪) ચંદ્ર (૧૫) કામ (૧૭) ચોદ (૧૮) કોબા (૨૦) મતિ (૨૧) વાડ (૨૨) નવકારવાળી (૨૪) વાસુદેવ (૨૫અ) લાલા (૨૭) ક્ષમા (૨૮) વસ્તુ (૨૯) વનસ્પતિકાય (૩૨) વાડી (૩૩) બાકરોલ

**ઊભી ચાવીઓ** - (૧) ક્ષમાપના (૨) યતિ (૩) ડન્ડાસન (૪) સત્ય (૫) મહાવૃત (૬) હાથી (૧૦) તન (૧૧) સિધ્ધવડ (૧૨) ચંદ્ર (૧૩) સંમતિ (૧૪) ચંદનતલાવડી (૧૫) કામળી (૧૬) દેવાધિદેવ (૧૮) કોકા (૧૯) બાર (૨૩) વાડી (૨૫) વસ્તુપાલ (૨૬) સતિ (૨૭) ક્ષય (૩૦) કાવી (૩૧) એક

## કચ્છી કસબ - ૧૪૧ નો ઉકેલ

**આડી ચાવીઓ** - (૧) માતર (૨) વરોલા (૪) મેવા (૬) સોસ (૭) ટપ (૯) માની (૧૧) લાગ (૧૨) હેબતાઈ (૧૪) વેલાલા (૧૬) પરાઈ (૧૭) રખ (૧૮) સૌં (૧૯) નાય (૨૦) ઓખણ (૨૧) સુટકો (૨૨) કોરા (૨૩) કોસ (૨૪) વટે (૨૫) કોછયો (૨૭) કોટાતો (૨૮) સોરો (૨૯) ધા (૩૦) અડાયૂ (૩૧) ફેરીવ્યો (૩૨) ખય (૩૩) અખર

**ઊભી ચાવીઓ** - (૧) માઠા (૨) વસલા (૩) લાટ (૪) મેમાણ (૫) વાની (૮) પટલાઈ (૧૦) ચબ (૧૨) હેવરસુધી (૧૩) તાય (૧૪) વેરાય (૧૫) ટેખણ (૧૬) પનારો (૧૭) રખ (૨૦) ઓસયો (૨૨) કોટેતો (૨૩) કોછ (૨૪) વટાયવ્યો (૨૫) કોકડાય (૨૬) ભરોભર (૩૦) અખ

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



અરિહંત શરણ :
તા. ૨૭/૬/૨૦૧૯

## ગં.સ્વ. મંજુલાબેન (મુરબાઈ) ઝવેરચંદ લાલકા - ઉ.વર્ષ : ૮૪

આપનું વાત્સલ્ય અને પરિવારમાં સહુ પ્રત્યે સ્નેહસભર લાગણી ક્યારેય ભૂલી શકાશે નહીં
ધાર્મિક સંસ્કારો થકી આપે મનુષ્ય દેહને ઉજાગર કર્યો હતો.
આપની વિદાયથી અમે અમારા સહૃદયી વડિલની છત્રછાયા ગુમાવી છે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમશાંતિ આપી
ભવાંતરે મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના.

**-:: શોકાતુર ::-**

સાસુ-સસરા : **માતુશ્રી લીલબાઈ શામજી કરમશી લાલકા** (ધ્રાફા)
માતા-પિતા : **માતુશ્રી સુંદરબાઈ/હીરબાઈ વેલજી ધરમશી** (ગોરખડી)

જેઠ-જેઠાણી : **ચંપાબાઈ જીવરાજ શામજી લાલકા** (ધ્રાફા)
દેર-દેરાણી : **ચેતનાબેન નરેન્દ્ર શામજી લાલકા** (ધ્રાફા)
દેર-દેરાણી : **પુષ્પાબેન રમેશ શામજી લાલકા** (ધ્રાફા)
પુત્રી-જમાઈ : **નયનાબેન સોમચંદ લોડાયા** (મોટી ખાવડી)
પુત્રી-જમાઈ : **હંસાબેન વિજય દેવચંદ નાગડા** (રંગપુર)
પુત્રી-જમાઈ : **કલ્પનાબેન અશોક દેવચંદ નાગડા** (રંગપુર)
પુત્રી-જમાઈ : **રિધ્ધિબેન ગિરીશ બાબુલાલ લોડાયા** (ગોરખડી)
પુત્રી-જમાઈ : **જ્યોતિબેન ચેતન નરશી નાગડા** (ગઢશીશા)
નણંદ-નણંદોઈ : **માકબાઈ કુંવરજી ખોના** (મોટી ખાવડી)
નણંદ-નણંદોઈ : **લીલબાઈ પદમશી ખોના** (ગોરખડી)
નણંદ-નણંદોઈ : **ચંદનબેન રામજી દંડ** (ભરૂડિયા)
નણંદ-નણંદોઈ : **કંચનબેન કાંતીલાલ દંડ** (ભરૂડિયા)
નણંદ-નણંદોઈ : **નવલબેન હંસરાજ લાપસિયા** (દલતુંગી)
નણંદ-નણંદોઈ : **સરોજબેન હેમરાજ ખોના** (રંગપુર)
નણંદ-નણંદોઈ : **ભારતીબેન શામજી લાલકા** (ધ્રાફા)
નણંદ-નણંદોઈ : **દમયંતીબેન અશોક ખોના** (રંગપુર)

દોહિત્રી-જમાઈ : **બિજલ પ્રેમલ ભરત મોદી** (અમદાવાદ - USA)
દોહિત્ર-દો-વહુ : **સુનીતા ઉમેશ સોમચંદ લોડાયા** (મોટી ખાવડી - DUBAI)
દોહિત્ર-દો-વહુ : **ટીના પુષ્પક વિજય નાગડા** (રંગપુર)
દોહિત્ર-દો-વહુ : **દર્શિતા જીનેશ સોમચંદ લોડાયા** (મોટી ખાવડી)
દોહિત્ર : **રિષભ, હર્ષ, વંશ, હિરલ** (USA)**, મોક્ષ**
પર દોહિત્ર : **ધ્રીસ, શાશ્વત, અર્હમ્, ક્રિયાન**
ભાઈ-ભાભી : **પૂરબાઈ ટોકરશી વેલજી ધરમશી** (ગોરખડી)
ભાઈ-ભાભી : **લક્ષ્મીબેન લખમશી વેલજી ધરમશી** (ગોરખડી)
બહેન-બનેવી : **પાનબાઈ હિરજી નાગડા** (પરજાઉ)
બહેન-બનેવી : **કસ્તુરબેન નાથાલાલ રૂપશિ લોડાયા** (મોટી ખાવડી)
બહેન-બનેવી : **લીલાવંતીબેન નવીનચંદ્ર વિરજી લોડાયા** (નાની ખાવડી)
વેવાણ-વેવાઈ : **લીલબાઈ કરમશી વિરપાર લોડાયા** (મોટી ખાવડી)
વેવાણ-વેવાઈ : **શાંતાબેન દેવચંદ શામજી નાગડા** (રંગપુર)
વેવાણ-વેવાઈ : **મધુરીબેન બાબુલાલ જીવરાજ લોડાયા** (ગોરખડી)
વેવાણ-વેવાઈ : **ભાનુબેન નરશી પાચુંભાઈ નાગડા** (ગઢશીશા)

**આપ હતા પરિવારના બાગવાન, આપની હસ્તી હતી શિતલ છાયા સમાન.**
**નાના મોટા સહુના હૃદયમાં આપે કર્યો હતો વાસ, સદાય મહેકતી રહેશે આપની સ્મૃતિઓની સુવાસ**

**નિવાસસ્થાન :** ૫, મિતા એપાર્ટમેન્ટ, તાંબે નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

# હાર્દિક અભિનંદન




સમાજ સેવાના ઉમદા કાર્ય કરવા બદલ
કચ્છ શક્તિ દ્વારા
**"કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૧૯"**
થી સન્માનિત થવા બદલ
**"શ્રી પંકજભાઇ કેશવજી ધરમશી** (રંગપુર-મુલુંડ)"
ને **હાર્દિક અભિનંદન....**

-:: શુભેચ્છક ::-

**HEMDEEP LOGISTICS**
**MONKO IMPEX**

# કચ્છ શક્તિ એવોર્ડ મેળવનારા ક.દ.ઓ. જ્ઞાતિજનોને હાર્દિક અભિનંદન



"સમાજ સેવા" એવોર્ડ
**શ્રી પંકજભાઇ કેશવજી ધરમશી**
(રંગપુર-મુલુંડ)"



"વ્યાપાર ઉદ્યોગ" એવોર્ડ
**શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા**
મોટી ખાવડી - થાણા



"સમાજરત્ન" એવોર્ડ
**શ્રી કેતન કુલીનકાંત નાગડા**
(તેરા - નાંદેડ)"

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# પ્રથમ માસિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી તથા ઋણ સ્વીકાર



**અ. સૌ. ચંદ્રીકા નરેન્દ્ર કુંવરજી ધરમશી**
**(રંગપુર - ઘાટકોપર)**
જન્મ : તા. ૧૫-૦૨-૧૯૫૪
પ્રભુ સમીપે : તા. ૧૦-૦૬-૨૦૧૯

પરિવારનો સાથ છોડી આપે લીધી વિદાય. સદાય હસતું મુખ અને હતો મિલનસાર સ્વભાવ, વરસાવતા હતા અમ સહુ પર આપ વ્હાલપના દરિયા. એવી આપની પ્રેમાળ સ્મૃતિઓ, ઉપકાર અને ત્યાગ સદાય સ્મૃતિમાં રહેશે.

પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે એજ અમ સહુની અશ્રુભર નયને પ્રાર્થના.

## ઋણ સ્વીકાર

**અ.સૌ. ચંદ્રીકા**ના ૬૫ વર્ષના આયુષ્યમાં, સુખદ ૪૧ વર્ષના લગ્ન જીવનમાં અને છેલ્લા બે વર્ષની માંદગી સમયે તથા અંતિમ વિદાયના સમયે અમારા કુટુંબીજનો, સગા-સંબંધીઓ, મિત્રો, બેંક ઓફ બરોડા અને અરિહંત બેંકના અધિકારીઓ તથા સાગર પાર્કના પાડોશીઓ તથા શુભેચ્છકોએ જે સાથ-સહકાર અને હુંફ આપી તે બદલ સદા અમે ઋણી રહેશું. અંતીમયાત્રા તથા પ્રાર્થના સભામાં પધારી તેમજ ફોન, Whatspp દ્વારા દિલાસો આપીને અમારા દુ:ખને હળવું કરવામાં સહભાગી થયા તે બદલ સમગ્ર પરિવાર આપ સૌનો હૃદયપૂર્વક આભાર માને છે.

**લી. શોકાતુર પરિવાર**

**માતુશ્રી જયાબેન કુંવરજી ડાયાભાઈ ધરમશી પરિવાર (રંગપુર)**
**પાનબાઈ લક્ષ્મીચંદ હંસરાજ દૌલત પરિવાર (સેવક ભરૂડીયા)**
દિકરી-જમાઈ : અ.સૌ. પ્રિયદર્શીની જતીન નવીનચંદ્ર લોડાયા ● અ.સૌ. દિવ્યા ભાવિક બિપીનભાઈ ઉદાણી
અ.સૌ. નીલમ અનુપ જયેશભાઈ મહેતા તેમજ સમસ્ત ધરમશી અને દૌલત પરિવાર

UPASANA-9820167767

।। સિરસા વંદે મહાવીરં ।।

।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

।। શ્રી ગૌતમ - સુધર્મ - આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - દાન - નેમ - ગુણ - ગુણોદયસાગરસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ ।।

## સંયમ જીવનની અનુમોદના એવં સંયમ પંથે પ્રયાણ

## પ્રસંગે

# આગોતરૂં આમંત્રણ

**નવકાર મહામંત્ર આરાધક, જિનાજ્ઞા પ્રેમી ને સાદર પ્રણામ**

જય જિનેન્દ્ર,

પરમ પુણ્યોદયે જીવને જિનશાસનની પ્રાપ્તિ થાય છે. જયવંતા જિનશાસનને પામ્યા પછી પણ જિનવાણીની રૂચિ અને પ્રાપ્તિ દુષ્કર છે. જિનવાણીને પામી એમાંથી જિનતત્વનો બોધ થવો એ દુર્લભમાં દુર્લભ છે. **માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા** પરિવારના મહા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે આજથી ૪૫ વર્ષ પૂર્વે તેમના સુપુત્રી તથા માતુશ્રી ભચીબાઈ કુંવરજી દેવશી મૈશરી (પટેલ) પરિવાર ના પુત્રવધુ સંસારની અસારતા અનુભવી સંયમના પંથે સંચર્યા. **પ. પૂ. સા. ચંદ્રયશાશ્રીજી મ. સા. નાં શિષ્યા પ. પૂ. સા. મહાયશાશ્રીજી મ. સા.** સુંદર રત્નત્રયીની આરાધના કરી રહ્યા છે. એમના સંયમ જીવનની અનુમોદના કરવાનો રૂડો અવસર અમ આંગણીયે આવી રહ્યો છે. એજ અવસરે સોનામાં સુગંધ ભળે તેમ માતુશ્રી તારામતી મણીલાલ લોડાયા ના કુલદીપક તથા માતુશ્રી ચંદનબેન હંશકુમાર નાગડા ના દોહીત્ર તેમજ રત્નકુક્ષી માતા હીનાબેન નરીશ લોડાયા ના પુત્ર મુમુક્ષુરત્ન **ચિ. ગૌતમકુમાર** ઉગતી યુવાનીમાં તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ. સા.** ના વરદ હસ્તે રજોહરણ પામવા થનગની રહ્યા છે. પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રી પાસેથી દિક્ષામાટેનું શુભ મુહૂર્ત પ્રાપ્ત થયેલ છે. અમારૂ અંતર અનેરા આનંદને અનુભવી રહ્યું છે. આ અપૂર્વ અવસરને માદરે વતન શ્રી સુથરી મહાતીર્થે ત્રયાન્હિકા મહોત્સવરૂપે ઉજવવાનું નિશ્ચિત થયેલ છે. આપ સહુને મહોત્સવમાં પધારવાની અનુકુળતા રહે એ માટે આપને આગોતરૂ આમંત્રણ આપતાં હર્ષ અનુભવીયે છીએ. આપશ્રી અવશ્ય પધારી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

## મહોત્સવ પ્રારંભ

વિ. સં. ૨૦૭૬ માગસર સુદ ૧૦, તા. ૬-૧૨-૨૦૧૯
સંયમ જીવનની અનુમોદના

વિ. સં. ૨૦૭૬ માગસર સુદ ૧૧, તા. ૭-૧૨-૨૦૧૯
ભવ્ય વર્ષીદાન રથયાત્રા

વિ. સં. ૨૦૭૬ માગસર સુદ ૧૨, તા. ૮-૧૨-૨૦૧૯
શુભમુહૂર્ત રજોહરણ પ્રદાન મહોત્સવ

**મહોત્સવ સ્થળ : શ્રી સુથરી મહાતીર્થ**

**નિમંત્રક : શ્રી સુથરી જૈન સંઘ**

**માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2019
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


# Kenia Eye Hospital

**(ISO 9001 : 2015 CERTIFIED HOSPITAL)**
**NABH ACCREDITED SUPER SPECIALITY EYE HOSPITAL**

kenia ++ ®
eye | dental
Super Speciality Hospital
We Care For Your Vision & Smile

ઉચ્ચતમ ક્વાલિટી Standard એક્રીડેશન NABH તેમજ FEQH પ્રમાણિત કેનિયા આઈ હોસ્પિટલમાં, **ડૉ. વૈશાલ કેનિયા** અત્યંત આધુનિક ટેક્નોલોજીથી મોતિયાની સર્જરી કરે છે. તેમના પરિણામો અને દષ્ટિથી ખૂબજ ખૂશ તેમના પેશન્ટો આપની સામે **ડૉ. વૈશાલ કેનિયા** પ્રત્યેનો અભિપ્રાય વ્યક્ત કરે છે.



## ગઇ કાલની મારી અશ્રુભરી આંખો...
## હવે ખુશીના અશ્રુથી છલકાઇ ગઇ....

## ડૉ. વૈશાલ કેનિયા
MS, DNB, DOMS, FCPS, I.C.O. (UK), AFIH

### શ્રીમતી કૌશલ શર્મા (વય ૬૫ – મોતિયાના દર્દી)

ઝાંખી દષ્ટિ અને ફીક્કા રંગોથી મને એવું લાગ્યું કે હવે આવી રીતે જ જીવન જીવવું પડશે. હું કેનિયા આઈ હોસ્પિટલમાં મારી આંખો ચેક કરાવવા જુન ૨૦૧૭માં ગઈ હતી અને મને મોતિયાનું નિદાન કરવામાં આવ્યું. ડૉ. વૈશાલ કેનિયાએ મારી બંને આંખો માટે મોતિયાનું ઓપરેશન કરવા સલાહ આપી. હું ખૂબ જ ગભરાઈ ગઈ હતી.

ત્યારબાદ એક સકારાત્મક સ્વભાવની સાથે ડૉ. કેનિયાએ જણાવ્યું કે ચિંતા ના કરશો અને મને એટલી ખૂબસૂરતીથી સમજાવી કે કેવી રીતે સર્જરી કરવામાં આવે છે અને બધુ જ સારી રીતે સ્પષ્ટ હતું કે ઓપરેશન થિયેટરમાં મારી સાથે શું થવાનું છે. જેથી મે ૨ દિવસના સમયમાં જ ઓપરેશન કરવાની યોજના બનાવી દીધી **મારા મોતિયાના ઓપરેશનની સર્જરી પટ્ટી રહીત, ઈંજેકશન રહિત, પીડા રહિત, ટાકા રહિત પદ્ધતિથી કરવામાં આવી.**



કેનિયા આય હોસ્પિટલ દર્દરહિત, સરળ, સુવિધાજનક મોતિયાની સર્જરી કરે છે. આંખોની દેખભાળમાં બેહતરીન ટેક્નીકોને અપડેટ કરેલ છે અને જે માનવીય સ્પર્શથી સુરક્ષિત અને ચોક્કસ પરિણામો આપે છે.

લેઝર આસીસ્ટેડ ઈન્ટ્રાઓકયુલર લેન્સ પાવર વિશ્વના શ્રેષ્ઠ **ઓપ્ટીકલ બાયોમીટર Zeiss – 700** (ઝાઈસ – ૭૦૦) **IOL Master** વડે લેવામાં આવે છે. જેથી લેન્સ મેઝરમેન્ટ એક્યુરેટ હોય છે અને મોતિયાના ઓપરેશન બાદ ચશ્માના નંબર નહીંવત આવવાની શક્યતા છે. ડીજીટલ ઈમેજ નિર્દેશિત અને કોમ્પ્યુટર નેવીગેટેડ મોતિયાની સર્જરી સાથે યથાર્થતા. (વીરીઓન–Alcon) તે જીવંત સર્જરી દરમ્યાન ઈન્ટ્રાઓકયુલર લેન્સની એલાઈનમેન્ટ અને સેન્ટ્રેશન તેમજ ચીરા ચોકસપણે માર્ક કરે છે.

**આઈ ડ્રોપ એનેસ્થેસિયાથી મારી સર્જરી પીડા રહિત કરવામાં આવી. મને ટ્રાઈફોકલ લેન્સ લગાડવામાં આવ્યા છે. હવે ૨ વર્ષ થઇ ગયા છે અને મારી દષ્ટિ અદ્ભૂત છે. મને ફક્ત મોતિયાથી જ છૂટકારો નથી મળ્યો પરંતુ હવે વાંચવા માટે, સિલાઈ કરતી વખતે અને ટી.વી. જોતી વખતે ચશ્મા પહેરવાની જરૂરત જ નથી. મારાં પૌત્ર-પૌત્રી જે હંમેશા ચશ્મા ઝુંટવી લેતા તેનાથી છુટકારો મળી ગયો છે.**

ડૉ. વૈશાલ કેનિયા જેવા અનુભવી સર્જનના હાથે ઓપરેશન થતાં દર્દીઓને લગભગ તુરંત જ ચોખ્ખી દષ્ટિ પ્રાપ્ત થાય છે. મારા માટે બ્રાઈટર કલર્સ અને ચોખ્ખી દષ્ટિ અમૂલ્ય મુડી સમાન છે. ચશ્માથી છૂટકારો એ મારા માટે બોનસ સમાન છે. હું હોસ્પિટલની સ્ટેટ–ઓફ–ધ આર્ટ સુવિધાઓ તેમજ ડૉક્ટરો અને સ્ટાફ–કર્મચારીઓ કે જેઓ બધા આત્મસમર્પણવાળા અને ખૂબ જ સારી દેખભાળ કરનારા હોવાથી ખૂબજ પ્રભાવિત થઇ ગઇ હતી. તેઓએ ઓપરેશન કરવા માટે મારામાં આત્મવિશ્વાસ જગાડ્યો હતો.

**Our Services :**
**Cataract / Lasik & Refractive / Vitreo – Retinal / Glaucoma / Squint**
**Oculoplasty / Paediatric Eye / Cornea / Prelex**

1st Floor, Rizvi Nagar, S. V. Road, Santacruz (W), Mumbai - 400 054.
**Tel. : 75064 99962 / 91378 03175 / 98200 926200**
**Email : keniaeye@gmail.com | www.keniaeyehospital.com**

FOLLOW US ON

BINITA S. MARU - 9869034162


| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.